સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 36**

[28/08/21 to 04/09/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


The King of the King
# કાયદો
બંધારણ, IPC, CRPC, EVIDENCE

LATEST EDITION

- 500+ પરીક્ષાલક્ષી પ્રશ્નો
- પરીક્ષાલક્ષી મહત્વની કલમોની યાદી
- કલમોની ગોખણપટ્ટી વગર ઉદાહરણ દ્વારા સમજશકિત સાથે અભ્યાસ

NOW AVAILABLE




www.iceonline.in

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**28 AUG-2021**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવનિર્મિત જલિયાંવાલા બાગ સંકુલ અને સંગ્રાહાલયનું ઉદ્દઘાટન કર્યુ ........ 02
- ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે શ્રી પંકજ કુમારની નિમણૂક ........ 04
- રાષ્ટ્રીય શાયર તથા સોરઠી સાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતિ ........ 04
- ઉભરતે સિતારે ફંડ (Ubharte Sitare Fund) ........ 08
- QUESTION ANSWERS ........ 10

**29 AUG-2021**

- દિવસ મહિમા : 29 ઓગસ્ટ, (1) પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Nuclear Tests) (2) રાષ્ટ્રીય રમત દિવસ (National Sports Day) ........ 11
- ઈ-શ્રમ પોર્ટલ (e-SHARM Portal) ........ 12
- QUESTION ANSWERS ........ 14

**30 AUG-2021**

- ગુજરાતના દીકરી સુશ્રી ભાવિનાબેન પટેલે ટોક્યો પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો ........ 15
- ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી નિષાદ કુમારે હાઈ જમ્પમાં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો ........ 16
- ભૂચર મોરીના યુધ્ધના મહાન શહીદોને ભવ્ય શ્રધ્ધાંજલી ........ 17
- વિદેશી જહાજો માટે ચીનના નવા દરિયાઈ નિયમો ........ 19
- QUESTION ANSWERS ........ 20

**31 AUG-2021**

- ટોક્યો પેરાલિમ્પિક 2020મા સુશ્રી અવની લેખરાએ ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો ........ 21
- દેશમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટના 9 ન્યાયાધીશોએ એક સાથે શપથ લીધા ........ 22
- શ્રી સુમિત અંતિલે ટોક્યો પેરાલિમ્પિકમાં જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો ........ 24
- ટોક્યો પેરાલિમ્પિક 2020માં ભારતે જીતેલા અન્ય મેડલ ........ 24
- QUESTION ANSWERS ........ 26

**01 SEP-2021**

- દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર શ્રી ડેલ સ્ટેઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ........ 28
- શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની 125મી જન્મજયંતિ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્મારક સિક્કો બહાર પાડ્યો ........ 28
- e-Gopala એપ્લિકેશનનું વેબ વર્ઝન લોન્ચ કરવામાં આવ્યું ........ 29
- QUESTION ANSWERS ........ 30

**02 SEP-2021**

- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરીષદનો તાલિબાન પર 2593નો ઠરાવ ........ 31
- હિંદ મહાસાગરમા ચીનની નવી 'સમુદ્રી-સડક-રેલ' (સી-રોડ-રેલ) લિંક ........ 31
- BSF ના ડાયરેક્ટર ઓફ જનરલ(DG) તરીકે શ્રી પંકજ કુમાર સિંહની નિમણૂક ........ 32
- કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સગર્ભા મહિલાઓ માટે 'લાડુ વિતરણ યોજના'નો શુભારંભ કરાવ્યો ........ 32
- QUESTION ANSWERS ........ 33

**03 SEP-2021**

- પોષણ 2.0 (POSHAN 2.0) ........ 34
- લદ્દાખનું રાજ્ય પ્રાણી અને પક્ષી ........ 34
- બિગ બોસ વિજેતા શ્રી સિધ્ધાર્થ શુક્લાનું નિધન ........ 35
- QUESTION ANSWERS ........ 36

**04 SEP-2021**

- નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદ (FSDC)ની બેઠક ........ 37
- શ્રી મનીષ નરવાલ, શ્રી પ્રમોદ ભગત અને શ્રી કૃષ્ણા નાગરે ટોક્યો પેરાલિમ્પિક 2020માં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો ........ 38
- ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી સુહાસ યથિરાજે સિલ્વર અને શ્રી મનોજ સરકારે બ્રોન્ઝ મેડલ જીત્યો ........ 39
- QUESTION ANSWERS ........ 40

**ONE LINER** ........ 41

**QUESTION OF THIS WEEK** ........ 46


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવનિર્મિત જલિયાંવાલા બાગ સંકુલ અને સંગ્રાહાલયનું ઉદ્‌ઘાટન કર્યું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંજાબના અમૃતસરમાં નવનિર્મિત જલિયાંવાલા બાગ સંકુલ અને સંગ્રાહાલયનું વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- સંકુલ એ એક સ્મારક છે જે 23 એપ્રિલ 1919ના રોજ જલિયાંવાલા બાગ હત્યાકાંડમાં મૃત્યુ પામેલા લોકોને સમર્પિત છે.
- નવું સ્મારક ઉપરાંત ચાર નવી મ્યુઝિયમ ગેલરી પણ તૈયાર કરવામાં આવી છે. આ નવી ગેલરીમાં પંજાબમાં સ્વતંત્રતાની લડાઈનો ઈતિહાસ રજૂ કરવામાં આવ્યો છે.

### જલિયાંવાલા બાગ હત્યાકાંડ

આઝાદીની લડત દરમિયાન ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશ વ્યાપી હડતાલની ઘોષણા કરી હતી.

- ત્યારબાદ સમગ્ર ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં વ્યાપક દેખાવો થયા હતા.
- આથી, અંગ્રેજ સરકાર દ્વારા 8 એપ્રિલ, 1919ના રોજ હરિયાણાના પલવલ નામના ગામમાંથી મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી હતી.
- આ ઉપરાંત પંજાબમાંથી પણ અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી.
- પંજાબમાં અંગ્રેજો દ્વારા કરવામાં આવેલી ધરપકડના વિરોધમાં 10 એપ્રિલ, 1919ના રોજ પંજાબના લોકપ્રિય નેતા ડો. સત્યપાલ અને શ્રી સૈફૂદીન કિચલુની પણ ધરપકડ કરી હતી.
- આથી, પોતાના પ્રિય નેતાના ધરપકડના વિરોધમાં પંજાબના લોકો 13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસર ખાતે આવેલા જલિયાંવાલા બાગમાં વૈશાખીના તહેવારની ઉજવણીના બહાને એકઠા થયા હતા.
- અમૃતસરની સ્થિતિ બેકાબૂ થતા ત્યાં 144ની કલમ તથા માર્શલ લો લાગુ પાડવામાં આવ્યો હતો.
- અમૃતસરના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરને આ બાબતની જાણ થતા તે લશ્કરી ટૂકડી સાથે જલિયાંવાલા પહોંચી ગયો હતો અને કોઈપણ જાતની ચેતવણી આપ્યા વિના તેણે ગોળીબારીનો આદેશ આપ્યો હતો.
- આ સમયે થયેલા અંધાધૂંધ ફાયરિંગમાં 1000 થી વધુ લોકો શહીદ થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા.
- બ્રિટિશ ઈતિહાસની આ કંલકરૂપ ઘટનાના દોષિત જનરલ ડાયરનું પૂરું નામ બ્રિગેડિયર જનરલ રેગિનાલ્ડ એડવર્ડ હેરી ડાયર છે.
- જનરલ ડાયરના આ કૃત્યની તપાસ માટે અંગ્રેજો દ્વારા 'હંટર કમિશન'ની નિમણૂક કરવામાં આવી હતી.
- જો કે, હંટર કમિશને આ ઘટનાને જનરલ ડાયર દ્વારા 'અણસમજણથી થયેલી ભૂલ' ગણાવી તેને દોષ મુક્ત કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતીયો દ્વારા આ હત્યાકાંડની તપાસ માટે <u>શ્રી મદનમોહન માલવિયાની</u> અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું.
- આ હત્યાકાંડના વિરોધ્ધમાં <u>શ્રી રવિન્દ્રનાથ ટાગોરે</u> '<u>નાઈટહૂડ</u>' તથા <u>શ્રી જમનાદાસ બજાજે</u> '<u>રાયબહાદુર</u>'ની ઉપાધિનો ત્યાગ કર્યો હતો.
- આ ઉપરાંત મહાત્મા ગાંધીજીએ <u>બોઅર યુધ્ધ</u> (દક્ષિણ આફ્રિકા યુધ્ધ 1899-1902) દરમિયાન કરેલા કામ માટે બ્રિટિશરો દ્વારા આપવામાં આવેલી '<u>કેસર–એ–હિન્દ</u>'ની પદવીનો ત્યાગ કર્યો હતો.
- તે સમયે વાઈસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં એકમાત્ર ભારતીય પ્રતિનિધિ <u>શ્રી ચેતુર શંકરન નાયરે</u> જલિયાંવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું.
- આ સમય દરમિયાન <u>લોર્ડ ચેમ્સફોર્ડ</u> વાઈસરોય હતા.

## રોલેટ એક્ટ વિશે

પ્રથમ વિશ્વયુધ્ધ <u>1918</u>માં પૂરું થયું હતું. ત્યારબાદ છ મહિને '<u>હિન્દ સંરક્ષણ ધારા</u>'ની મુદ્દત પુરી થતી હોવાથી ક્રાંતિકારી પ્રવૃતિને અટકાવવા માટે '<u>Anarchment and Revolutionary Act</u>' નામનો કાયદો ન્યાયધીશ સીડની રોલેટ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો જેને ટૂંકમાં '<u>રોલેટ એક્ટ</u>' તરીકે ઓળખવામાં આવે છે.

- રોલેટ એક્ટની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે :

  (1) કોઈપણ વ્યક્તિને શંકાને આધારે ધરપકડ કરી શકાતી હતી.

  (2) ખાસ અદાલતોમાં કેસ ચાલાવીને ન્યાયિક કાર્યવાહી વગર સજા કરી શકાતી હતી.

## જલિયાંવાલા બાગ સ્મારક

ભારતની સંસદ દ્વારા '<u>જલિયાંવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક એક્ટ, 1951</u>' પસાર કરીને જલિયાંવાલા બાગને '<u>રાષ્ટ્રીય સ્મારક</u>' જાહેર કરવામાં આવ્યું હતું.

- '<u>જલિયાંવાલા બાગ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ</u>' દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.

નોંધ : (1) ગાંધીજીએ રોલેટ એક્ટના કાયદાને '<u>કાળો કાયદો</u>' કહ્યો હતો.

(2) શ્રી મોતીલાલ નહેરૂએ '<u>નો વકીલ, નો દલીલ, નો અપીલ</u>' સાથે રોલેટ એક્ટના કાયદાને સરખાવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે શ્રી પંકજ કુમારની નિમણૂક



ગુજરાત રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે શ્રી પંકજ કુમારની નિમણૂક કરવામાં આવી છે.

- 31 ઓગસ્ટ, 2021ના રોજ નિવૃત્ત થઈ રહેલા શ્રી અનિલ મુકિમના સ્થાને તેઓ ગુજરાતના નવા મુખ્ય સચિવ બનશે.
- શ્રી પંકજ કુમાર 1986ની બેચના IAS ઓફિસર છે.
- વર્તમાન તેઓ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતા હતા.
- શ્રી પંકજ કુમાર મૂળ બિહારના પટણાના વતની છે.
- તેઓ પોર્ટ અને મહેસુલ જેવા મહત્ત્વના વિભાગોનો પણ બહોળો અનુભવ ધરાવે છે. આ ઉપરાંત વહીવટી ક્ષેત્રે ખૂબ જ કુશળ છે.

### રાજ્યના મુખ્ય સચિવ

મુખ્ય સચિવની પંસદગી મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવે છે.

- મુખ્ય સચિવની નિમણૂક મુખ્યમંત્રીના કારોબારી હુકમથી થતી હોવાથી રાજ્યના રાજ્યપાલ દ્વારા તેમને નામાંકિત કરવામાં આવે છે.
- મુખ્ય સચિવ ભારતીય રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સિવિલ સેવાઓમાં સૌથી વરિષ્ઠ પદ છે.
- આ પોસ્ટ ભારતીય વહીવટી સેવાની કેડર પોસ્ટ છે.
- મુખ્ય સચિવ રાજ્યના વહીવટની તમામ બાબતોમાં મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે કાર્ય કરે છે.
- મુખ્ય સચિવ ભારતમાં વરીયતા ક્રમ યાદીમાં 23માં ક્રમે છે.

ICE INSTITUTE COMPETITIVE EXAMS

## રાષ્ટ્રીય શાયર તથા સોરઠી સાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતિ



શ્રી ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતિ નિમિત્તે રાજ્યના દરેક જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

- 28 ઓગસ્ટ, 2021ના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં શ્રી ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજંયતિની ઉજવણીના આરંભે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સાહિત્ય અકાદમીના મેઘાણી ભવનનું ઈ–ખાર્તમૂર્હત કર્યુ હતું.
- આ ઉપરાંત શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મભૂમિ ચોટીલા ખાતે મેઘાણી સ્મારક–મ્યુઝિયમ નિર્માણ માટે રાજ્ય સરકારે પાંચ કરોડ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી હતી.

### શ્રી ઝવેરચંદ મેઘાણી સાહિત્ય અકાદમી ભવન

ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમીનું વિશાળ ભવન તૈયાર થઈ રહ્યું છે.

- ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, સંસ્કૃત, સિંધી અને કચ્છી ભાષાના સાહિત્યક સંવર્ધનનું અગાઉથી ચાલતુ કાર્ય હવે આ ભવનમાં આગળ વધશે.
- ગાંધીનગરના સેક્ટર 10માં નિર્મિત થતા આ ભવનને 'ઝવરેચંદ મેઘાણી સાહિત્ય અકાદમી ભવન' નામ આપવામાં આવ્યું છે.

## મેઘાણી સ્મારક-મ્યુઝિયમ

ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજંયતિ ઉજવણી નિમિત્તે તેમની સાથે સંકળાયેલી સ્મૃતિઓને મહત્ત્વના સ્થળ તરીકે વિકસાવવાનો નિર્ણય કર્યો છે.

- આ માટે વિશ્વભરના સાહિત્યરસિકો (સાહિત્ય પ્રેમીઓ), સંશોધકો અને આગામી પેઢીઓને ઉપયોગી બની રહે તેવો એક સર્કિટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો છે.
- થોડા સમય પહેલા ગુજરાત સરકારે જાહેરાત કરી હતી કે આગામી બજેટમાં ચોટીલામાં જન્મ સ્મારક અને મેઘાણી સ્મૃતિ સ્થાનને જોડતી સર્કિટ બનાવીને મેઘાણી પ્રેમીઓને 125મી જન્મજંયતિ નિમિત્તે મોટી ભેટ આપવામાં આવશે. તથા તેમની સાથે સંકળાયેલા તમામ સ્થળોને વિકસાવવામાં આવશે અને મ્યુઝિયમ પણ બનાવવામાં આવશે.
- આ અંતર્ગત ચોટીલામાં શ્રી ઝવેરચંદ મેઘાણીનું મ્યુઝિયમ બનાવવા માટે 5 કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- આ મ્યુઝિયમનું કાર્ય 'પ્રવાસન અને રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ' દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.
- આ યોજનાના અમલિકરણ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ પણ બનાવવામાં આવી છે, જેમાં ઉચ્ચ અધિકારીઓની સાથે સાહિત્યકારો અને શ્રી ઝવેરચંદ મેઘાણીના પૌત્રનો પણ સમાવેશ થાય છે.

નોંધ : (1) શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિ નિમિત્તે વિવિધ સ્થળોએ કસુંબીનો રંગ ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) આ ઉપરાંત રાજ્યની વિવિધ લાઈબ્રેરીમાં શ્રી ઝવેરચંદ મેઘાણીના જીવન આધારિત 10-10 પુસ્તકોની ભેટ આપવામાં આવી છે.

## શ્રી ઝવેરચંદ મેઘાણી

- જન્મ : ચોટીલા (જિ. સુરેન્દ્રનગર) (28 ઓગસ્ટ, 1896)
- તખલ્લુસ : 'સાહિત્યયાત્રી', 'વિલાપી', 'તંત્રી', વિરાટ, શાણો, દ.સ.ણી.
- બિરુદ : 'રાષ્ટ્રીય શાયર', 'પહાડનું બાળક', 'કસુંબલ રંગનો ગાયક', 'સોરઠી સાહિત્યકાર'
- મૂળવતન : બગસરા
- કર્મભૂમિ : બોટાદ
- માતા : ધોળીબાઈ • પિતા : કાલિદાસ
- તેમણે કોલકાતામાં શેઠ જીવણલાલની એલ્યુમિનિયમની કંપનીમાં નોકરી કરી હતી. અને ત્યારબાદ ગુજરાત (બગસરા) પરત આવીને સાહિત્યકાર તરીકે નામના મેળવી હતી.

## શ્રી ઝવેરચંદ મેઘાણીની મહત્વની કૃતિઓ

- નવલકથા : વસુંધરાના વહાલાં દવલાં, સોરઠ તારા વહેતાં પાણી, વેવિશાળ, તુલસીક્યારો, કાળચક્ર, નિરંજન
- કાવ્યસંગ્રહ : યુગવંદના, વેણીના ફૂલ, કિલ્લોલ, સિંધુડો
- પ્રસિદ્ધ કાવ્યો : છેલ્લો કટોરો, ચારણ કન્યા, કોઈનો લાડકવાયો, શિવાજીનું હાલરડું, કસુંબીનો રંગ
- નવલિકા : માણસાઈના દીવા
- લોકકથાઓ : સૌરાષ્ટ્રની રસધાર ભાગ 1 થી 5, સોરઠી બહારવટિયા 1-3, સોરઠી સંતો, કંકાવટી, દરિયાપારના બહારવટિયા
- લોકગીત : રઢિયાળી રાત 1-4, ચૂંદડી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ઝવેરચંદ મેઘાણીની અન્ય કૃતિઓ

- ધરતીનું ધાવણ, લોકસાહિત્ય–પગદંડીનો પંથ, એકતારો, રવીન્દ્રવીણા, ઋતુગીતો, તરુણોનું મનોરાજ્ય, ફાગણ આયો, કવિ તને કેમ ગમે ?, ધણ રે બોલે, સ્વતંત્રતાની મીઠાસ, રાજારાણી, મેઘાણીની નવલિકાઓ, કુરબાનીની કથાઓ, લિ. સ્નેહાધીન મેઘાણી, હું આવું છું, પરિભ્રમણ, લોકસાહિત્યનું સમાલોચન, ઋતુગીતો, છેલ્લી પ્રાર્થના, પલકારા, વિલોપન, વંઠેલા, સત્યની શોધમાં, ગુજરાતનો જય, હાલરડાં, વેરાનમાં, સાંબેલાનાશૂર, ચારણ અને ચારણી સાહિત્ય, ધ્વજ મિલાપ, એશિયાનું કલંક.

## શ્રી ઝવેરચંદ મેઘાણીની પ્રસિધ્ધ પંક્તિઓ

- છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ ! સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો, બાપુ !
- નથી જાણ્યુ અમારે પંથ શી આફત ખડી છે.
- ઓ રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.
- આગે કદમ, આગે કદમ, આગે કદમ, યારો, ફનાના પંથ પર આગે કદમ.
- ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ, અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.
- હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ.
- મન મોર બની થનગાટ કરે, મન મોર બની થનગાટ કરે.

## પરીક્ષાલક્ષી કેટલીક માહિતી

- ગુજરાતી ભાષમાં લોકસાહિત્યના સૌપ્રથમ સંશોધક અને સંપાદક તરીકે પ્રસિદ્ધ. તેમજ લોકસાહિત્યમાં સૌથી વધુ કાર્ય કરનાર સાહિત્યકાર.
- પોતાને **'પહાડનું બાળક'** તરીકે ઓળખાવનાર ઝવેરચંદ મેઘાણી **'સોરઠી સાહિત્યકાર'** તરીકે પ્રસિદ્ધ છે.
- ઝવેરચંદ મેઘાણીનું સૌથી મહત્ત્વનું કાર્ય ગુજરાતી લોકસાહિત્યના સંપાદનનું છે. **'ડોશીમાની વાતો'** તેમના લોક સાહિત્યના સંપાદનનું પ્રથમ પુસ્તક હતું.
- ઝવેરચંદ મેઘાણીએ 770 જેટલાં **લોકગીતો** એકત્રિત કર્યાં છે. આ ઉપરાંત તેમના **'સોરઠી સંતવાણી'**માં ગુજરાતની અણમોલ ભજન સમૃદ્ધિ સચવાઈ છે.
- **'યુગવંદના'** કાવ્યસંગ્રહ બદલ **ગાંધીજી**એ ઝવેરચંદ મેઘાણીને **'રાષ્ટ્રીયશાયર'**નું બિરુદ આપ્યું હતું.
- ઝવેરચંદ મેઘાણી **'સૌરાષ્ટ્રના સિંહ'** તરીકે જાણીતા ગુજરાતી પત્રકાર છે. 1922માં **'સૌરાષ્ટ્ર'** સાપ્તાહિકથી તેમના પત્રકાર તરીકેના જીવનનો પ્રારંભ થયો હતો.
- **'જન્મભૂમિ-પ્રવાસી'**માં ઝવેરચંદ મેઘાણીની **'કલમ અને કિતાબ'** કોલમ સાહિત્ય રસિકોમાં વિખ્યાત બની હતી.
- તેમણે **'ફૂલછાબ'**ના તંત્રી તરીકે પણ કાર્ય કર્યું હતું.
- ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતના મૂક લોકસેવક **રવિશંકર મહારાજ**ની મહીકાંઠા પ્રદેશની લોકસેવાને પ્રગટ કરતું **'માણસાઈના દીવા'** પુસ્તક આપ્યું છે.
- ઝવેરચંદ મેઘાણી ગુજરાતી **'લોક સાહિત્યનો મત મોરલો'** તરીકે જાણીતા છે.
- 1928માં શરૂ થયેલો **રણજિતરામ સુવર્ણચંદ્રક** તથા 1946માં શરૂ થયેલો **મોતીસિંહ મહીડા પારિતોષિક** સૌપ્રથમ ઝવેરચંદ મેઘાણીને આપવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમનું **‘મન મોર બની થનગાટ કરે’** લોકગીત ખૂબ જ પ્રસિદ્ધ બનેલું છે. આ ગીત રવીન્દ્રનાથ ટાગોરે રચેલા ‘નવવર્ષા’ નામના ગીતનો **‘નવી વર્ષા’** નામે ઝવેરચંદ મેઘાણીએ કરેલો ગુજરાતી અનુવાદ છે.
- તેમનું **‘છેલ્લો કટોરો’** કાવ્ય ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જતાં સમયે ગાંધીજીને ઉદ્દેશીને લખાયું છે.
- ઝવેરચંદ મેઘાણીની પ્રથમ મૌલિક પાત્રલક્ષી નવલકથા **‘નિરંજન’** છે, જ્યારે **‘કાળચક્ર’** ઝવેરચંદ મેઘાણીની છેલ્લી અને અપૂર્ણ રહી ગયેલી નવલકથા છે.
- ઝવેરચંદ મેઘાણીની **‘સોરઠ તારાં વહેતા પાણી’** ગુજરાતી સાહિત્યની પ્રથમ જાનપદી નવલકથા છે.
- ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિ બોટાદમાં દર વર્ષ **‘મેઘાણી મહોત્સવ’** ઉજવાય છે.
- ઝવેરચંદ મેઘાણીના સુપુત્ર મહેન્દ્રભાઈ મેઘાણીએ **‘અરધીસદીની વાચન યાત્રા’**ના ચાર ભાગ દ્વારા ઉત્તમ સાહિત્યનું સંપાદન અને પ્રકાશન કર્યું છે.
- ઝવેરચંદ મેઘાણીએ સ્પષ્ટ રીતે કોઈ આત્મકથા લખી નથી, પરંતુ **‘પરકમ્મા’**, **‘છેલ્લું પ્રયાણ’** અને **‘લિ. સ્નેહાધીન ઝવેરચંદ’** એ ત્રણ કૃતિઓમાં લેખકના અંગત જીવનનો પરિચય મળે છે.



## ઉભરતે સિતારે ફંડ (Ubharte Sitare Fund)

- કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને તાજેતરમાં ઉત્તરપ્રદેશના લખનૌ ખાતેથી ' સુક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો' (MSMEs)ને દેવુ અને ઈક્વિટી ભંડોળની સુવિધા માટે 'ઉભરતે સિતારે' વૈકલ્પિક રોકાણ ફંડ શરૂ કર્યુ હતું.

### ઉભરતે સિતારે ફંડ

તે નિકાસલક્ષી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ માટે શરૂ કરવામાં આવ્યું છે.

- ઉભરતે સિતારે ફંડની સ્થાપના 'એક્ઝિમ બેંક' (Exim Bank) અને 'સિડબી' (SIDBI) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી છે.
- આ યોજના હેઠળ ચિહ્નિત એક એવી કંપનીને સહાય પુરી પાડવામાં આવે છે, જે હાલમાં ખરાબ પ્રદર્શન કરી રહી છે અથવા વિકાસ માટે તેમની છુપાયેલી સંભાવનાનો ઉપયોગ કરી શકતી નથી.
- આ ફંડનું કદ 250 કરોડ રૂપિયા છે, પરંતુ તેમા 250 કરોડ રૂપિયાના 'ગ્રીન–શૂ વિકલ્પ' પણ હશે.
- ગ્રીન–શૂ વિકલ્પ 'ઓવર–એલોકેશન ઓપ્શન' છે. સામાન્ય રીતે સ્ટોક ઓફર દરમિયાન ખાસ વ્યવસ્થાનું વર્ણન કરવા માટે વપરાતો શબ્દ છે, ઉદાહરણ તરીકે એક 'ઈનિશિયલ પબ્લિક ઓફર' (IPO) જે તેની મૂડી જોખમમાં લીધા વગર રોકાણ કરતી બેન્કને ઓફર કર્યા બાદ શેરની કિંમતને ટેકો આપવા માટે સક્ષમ બનાવે છે.

### વૈકલ્પિક રોકાણ ભંડોળ

પરંપરાગત રોકાણના વિકલ્પોને વૈકલ્પિક રોકાણ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

- ભારતમાં 'વૈકલ્પિક રોકાણ ભંડોળ' (Alternative Investment Fund)ને 'સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ) રેગ્યુલેશન્સ, 2012'ના નિયમન 2(1)(b)માં વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે.
- તે ટ્રસ્ટ અથવા કંપની અથવા સમૂહ, કોર્પોરેટ અથવા લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપના સ્વરૂપમાં કોઈપણ ખાનગી રીતે રાખવામાં આવેલા રોકાણ ફંડ (ભારતીય હોય કે વિદેશી)નો સંદર્ભ આપે છે, જે હાલમાં સેબીના નિયમન હેઠળ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



- આમ વૈકલ્પિક રોકાણ ભંડોળની વ્યાખ્યામાં વેન્ચર કેપિટલ ફંડ, હેજ ફંડ, પ્રાઈવેટ ઈક્વિટી ફંડ, કોમોડિટી ફંડ, ડેટ ફંડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ વગેરેનો સમાવેશ થાય છે.

નોંધ : (1) SIDBI નું પૂરું નામ '<u>Small Industries Development Bank</u>' છે. તેની સ્થાપના <u>2 એપ્રિલ, 1990</u>ના રોજ કરવામાં આવી હતી.

(2) SIDBI નું મુખ્ય મથક ઉત્તરપ્રદેશના <u>લખનૌ</u> ખાતે આવેલું છે.

(3) EXIM Bankનું પૂરું નામ '<u>Export- Import Bank of India</u>' છે.

(4) Exim Bankની સ્થાપના વર્ષ <u>1982</u>માં કરવામાં આવી હતી. તેનું મુખ્ય મથક મુંબઈ ખાતે સ્થિત છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કયા કાયદાના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશવ્યાપી હડતાલની ઘોષણા કરી હતી ?

(A) રોલેટ એક્ટ (B) મોર્લે–મિન્ટો સુધારા
(C) રેગ્યુલેટિંગ એક્ટ, 1873 (D) રેગ્યુલેટિંગ એક્ટ, 1891 **(A)**

2. 'જલિયાવાલા બાગ હત્યાકાંડ' ક્યારે થયો હતો ?

(A) 10 એપ્રિલ, 1918 (B) 13 એપ્રિલ, 1918 (C) 10 એપ્રિલ, 1919 (D) 13 એપ્રિલ, 1919 **(D)**

3. 13 એપ્રિલ, 1919 ના રોજ પંજાબના કયા શહેરમાં આવેલા જલિયાવાલા બાગમાં હત્યાકાંડ થયો હતો ?

(A) લાહોર (B) જલધંર (C) અમૃતસર (D) લુધિયાણા **(C)**

4. જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે અંગ્રેજો દ્વારા કયા કમિશનની નિમણૂક કરવામાં આવી હતી ?

(A) રોલેટ કમિશન (B) ડાયર કમિશન (C) વાયલી કમિશન (D) હંટર કમિશન **(D)**

5. જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે ભારતીયો દ્વારા કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી ?

(A) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (B) શ્રી મદન મોહન માલવીય
(C) શ્રી સૈફુદીન કિચલુ (D) શ્રી જમનલાલ બજાજ **(B)**

6. ગુજરાત રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી પંકજ કુમાર (B) શ્રી અનિલ કુમાર (C) શ્રી અશ્વિની કુમાર (D) શ્રી મનોજ કુમાર **(A)**

7. વર્ષ 2021માં શ્રી ઝવેરચંદ મેઘાણીની કેટલામી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 123મી (B) 124મી (C) 125મી (D) 126મી **(C)**

8. કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને કયા સ્થળેથી MSMEs માટે 'ઉભરતે સિતારે ફંડ' શરૂ કર્યું હતું ?

(A) પટણા (B) લખનૌ (C) મુંબઈ (D) ચેન્નાઈ **(B)**

## દિવસ મહિમા : 29 ઓગસ્ટ, (1) પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Nuclear Tests) (2) રાષ્ટ્રીય રમત દિવસ (National Sports Day)

### પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ

સમગ્ર વિશ્વમાં 29 ઓગસ્ટના રોજ પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ પરમાણુ હથિયારના ઘાતક પ્રભાવો અંગે જાગૃતિ ફેલાવીને સમગ્ર વિશ્વને પરમાણુ હથિયારથી મુક્ત કરવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ડિસેમ્બર, 2009માં એક પ્રસ્તાવ પસાર કરીને આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2010થી આ ઉજવણીનો પ્રારંભ થયો હતો.

### 29 ઓગસ્ટના રોજ શા માટે આ દિવસ ઉજવાય છે ?

સોવિયેત સંઘના અત્યંત મહત્ત્વના પરમાણુ પરીક્ષણ સ્થળ સેમીપલાતિન્સકને 29 ઓગસ્ટ, 1991ના રોજ બંધ કરવામાં આવ્યું હતું.

- આથી આ દિવસની યાદમાં 29 ઓગસ્ટના રોજ પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સેમીપલાતિન્સક પરમાણુ પરીક્ષણ કેન્દ્રમાંથી સોવિયેત સંઘે 1949થી 1989 સુધીમાં 456 જેટલા પરમાણુ પરીક્ષણો કર્યા હતા.

### રાષ્ટ્રીય રમત દિન

ભારતમાં દર વર્ષે 29 ઓગસ્ટ, રાષ્ટ્રીય રમત દિન તરીકે ઉજવાય છે.

- ભારતમાં 'હોકીના જાદુગર' શ્રી મેજર ધ્યાનચંદની યાદમાં તેમનો જન્મ દિન ભારતમાં રાષ્ટ્રીય રમત દિન તરીકે ઉજવાય છે.
- શ્રી મેજર ધ્યાનચંદનો જન્મ 29 ઓગસ્ટ, 1905ના રોજ અલાહાબાદ (પ્રયાગરાજ) ખાતે થયો હતો.
- તેઓ 'The Wizard of Hockey' તથા 'The Magician of Hockey'ના ઉપનામથી પ્રસિદ્ધ હતા.
- તેમણે 1928, 1934 અને 1936માં ભારતને ઓલિમ્પિકમાં કુલ ત્રણ ગોલ્ડ મેડલ અપાવ્યા હતા.
- તાજેતરમાં તેમના નામ પરથી ભારતનું સર્વોચ્ચ રમત સન્માન 'રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ'નું નામ બદલીને 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' રાખવામાં આવ્યું છે.




JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## ઈ-શ્રમ પોર્ટલ (e-SHRAM Portal)

તાજેતરમાં શ્રમ અને રોજગાર મંત્રાલયે 'ઈ–શ્રમ પોર્ટલ' શરૂ કર્યુ છે.

### ઈ-શ્રમ પોર્ટલ વિશે

આ પોર્ટલ ભારતમાં લાખો અસંગઠિત કામદારોને એક સામાન્ય મંચ પર લાવવામાં મદદ કરશે.

- આ પોર્ટલ દ્વારા દેશના દરેક કામદારોનો રેકોર્ડ રાખવામાં આવશે.
- અસંગઠિત ક્ષેત્રના લગભગ 38 કરોડ મજૂરો માટે 12 અંકનો યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) અને ઈ–શ્રમ કાર્ડ આપવામાં આવશે, જે દેશભરમાં માન્ય રહેશે.
- સરકારની આ પહેલથી દેશના કરોડો અસંગઠિત કામદારોને નવી ઓળખ મળશે.
- જો કોઈ કામદાર ઈ–શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવે છે, તો તેને 2 લાખના આકસ્મિક વીમાનો લાભ મળશે. જેમાં સરકાર દ્વારા 1 વર્ષનું પ્રિમિયમ આપવામાં આવશે.
- જો રજિસ્ટર્ડ કામદાર અકસ્માતનો ભોગ બને છે. તો તેના મૃત્યુ અથવા સંપૂર્ણ અપંગતાના કિસ્સામા તે 2 લાખ રૂપિયાનો હકદાર રહેશે તથા અશંત વિકલાંગોને વીમા યોજના હેઠળ 1 લાખ રૂપિયા આપવામાં આવશે.
- અસંગઠિત કામદારો માટે નેશનલ ડેટા બેઝ (NDUW) અથવા ઈ–શ્રમ પોર્ટલમાં સ્થળાંતર કામદારો, બાંધકામ કામદારો, ગિગ અને પ્લેટફોર્મ કામદારો, ઘરેલું કામદારો, શેરી ફેરિયાઓ, કૃષિ કામદારો અને અન્ય પેટાજૂથનો સમાવેશ થાય છે.
- આ પોર્ટલ ઓપન એક્સેસ માટે સાર્વજનિક રીતે ઉપલબ્ધ રહેશે.
- આ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને કામદારો તેમના આધાર અને મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને સ્વ–નોંધણી કરાવી શકે છે.
- કામદારોને નોંધણી કરવા માટે રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબર 14434 પણ શરૂ કરવામાં આવ્યો છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં અસંગઠિત ક્ષેત્રની સ્થિતિ

શ્રમ અને રોજગાર મંત્રાલયે અસંગઠિત શ્રમ બળને ચાર જૂથો હેઠળ વર્ગીકૃત કર્યુ છે. જે નીચે મુજબ દર્શાવવામાં આવ્યું છે :

(1) વ્યવસાય : તેમાં નાના અને સીમાંત ખેડૂતો, ભૂમિહીન ખેત મજૂરો, શેરબજાર, માછીમારો અને બીડી બનાવતા લોકોનો સમાવેશ થાય છે.

(2) રોજગારની પ્રકૃતિ : જોડાયેલ કૃષિ મજૂર, પ્રવાસી મજૂર, કરાર અને પરચુરણ મજૂરો આ શ્રેણીમાં સમાવિષ્ટ છે.

(3) ખાસ કરીને વ્યથિત કેટેગરીના સંદર્ભમાં : તાડી ઉત્પાદકો, સફાઈ કામદારો, હેડ લોર્ડ કેરિયર્સ, પશુ સંચાલિત વાહનોના ડ્રાઈવરો તથા લોડર્સ અને અનલોડર્સનો સમાવેશ થાય છે.


(4) સર્વિસ કેટેગરીની દષ્ટિએ : આ કેટેગરીમાં ઘરેલું કામદારો, માછીમારો, મહિલાઓ, નાઈ, શાકભાજી અને ફળ વેચનારાઓ, અખબારો વેચનાર વગેરેનો સમાવેશ થાય છે.

નોંધ : (1) પીરિયડિક લેબર ફોર્સ સર્વે (PLFS 2018-19) અનુસાર **465** મિલિયનમાંથી **90%** કામદારો એટલે કે **419** મિલિયન કામદારો અનૌપચારિક ક્ષેત્રમાં રોકાયેલા છે.

(2) સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ઈ–શ્રમ પોર્ટલની રચના કરવામાં આવી છે, જેમાં કોર્ટે સરકારને નિર્દેશ આપ્યો હતો કે અસંગઠિત કામદારોની નોંધણી પ્રકિયા વહેલી તકે પૂર્ણ કરે જેથી તેમને વિવિધ સરકારી યોજના હેઠળ આપવામાં આવતા લાભો મળી શકે.

(3) દેશભરમાં અસંગઠિત કામદારોની નોંધણીનું કારણ સંબંધિત રાજ્ય/કેન્દ્રશાસિત સરકારો દ્વારા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'પરમાણુ પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 ઓગસ્ટ (B) 28 ઓગસ્ટ (C) 29 ઓગસ્ટ (D) 30 ઓગસ્ટ (C)

2. ભારતમાં દર વર્ષે 'રાષ્ટ્રીય રમત દિન' અથવા તો 'નેશનલ સ્પોર્ટ્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 ઓગસ્ટ (B) 28 ઓગસ્ટ (C) 29 ઓગસ્ટ (D) 30 ઓગસ્ટ (C)

3. ભારતમાં કોનો જન્મ દિન 29 ઓગસ્ટ 'રાષ્ટ્રીય રમત દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી રણજીત સિંહ (B) શ્રી અજીત વાડેકર (C) શ્રી અમનદીપ સિંહ (D) શ્રી મેજર ધ્યાનચંદ (D)

4. 'હોકીના જાદુગર' તરીકે પ્રસિદ્ધ મેજર ધ્યાનચંદનો જન્મ કયાં થયો હતો ?

(A) ભોપાલ (B) અલાહાબાદ (C) મુંબઈ (D) પટના (B)

5. તાજેતરમાં શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા 'ઈ–શ્રમ પોર્ટલ' શરૂ કર્યુ છે. તેના સંદર્ભમાં નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ પોર્ટલ ભારતમાં લાખો અસંગઠિત કામદારોને એક સામાન્ય મંચ પર લાવવામાં મદદ કરશે.
2. આ પોર્ટલ અંતર્ગત અસંગઠિત ક્ષેત્રના લગભગ 38 કરોડ મજૂરો માટે 12 અંકનો યુનિવર્સલ એકાઉન્ટ નંબર અને ઈ–શ્રમ કાર્ડ આપવામાં આવશે.
3. આ પોર્ટલ અંતર્ગત જો કોઈ રજિસ્ટર્ડ કામદાર અકસ્માતનો ભોગ બને છે તો તેના મૃત્યુ અથવા સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં તે 2 લાખ રૂપિયાનો હકદાર રહેશે. તથા અશંત વિકલાંગોને વીમા યોજના હેઠળ 1 લાખ રૂપિયા આપવામાં આવશે.
4. આ પોર્ટલમાં કામદારોને નોંધણી કરવા માટે એક ટોલ ફ્રી નંબર 15789 પણ શરૂ કરવામાં આવ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 30 ઓગસ્ટ, લઘુ ઉદ્યોગ દિવસ અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ

## ગુજરાતના દીકરી સુશ્રી ભાવિનાબેન પટેલે ટોક્યો પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો

ટોક્યો પેરાલિમ્પિકમાં ગુજરાતના દીકરી સુશ્રી ભાવિનાબેન પટેલે ટેબલ ટેનિસના મહિલા સિંગલ્સ વર્ગ–4 કેટેગરીમાં સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

- સુશ્રી ભાવિનાબેનનો ફાઈનલમાં ચીનના ખેલાડી સુશ્રી ઝોઉ યિંગ સામે પરાજય થયો હતો.
- આ સાથે ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતને પ્રથમ મેડલ પણ અપાવ્યો છે.
- સુશ્રી ભાવીનાબેન પટેલે પોતાના ખેલ કૌશલ્યથી ગુજરાત સહીત સમગ્ર ભારતને વિશ્વસ્તરે ગૌરવ અપાવ્યું છે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારની દિવ્યાંગ ખેલ પ્રતિભા પ્રોત્સાહન પુરસ્કાર યોજના અંતર્ગત ભાવિનાબેન પટેલને પ્રોત્સાહન રૂપે 3 કરોડ રૂપિયાનો પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે.

### સુશ્રી ભાવિનાબેન પટેલ



સુશ્રી ભાવિનાબેન પટેલનો જન્મ મહેસાણા જિલ્લાના સુંધિયા (સુંઢિયા) ગામ ખાતે થયો હતો.

- સુશ્રી ભાવિનાબેન પટેલને બાળપણથી પોલિયોની અસર થતા તેના બંને પગ કામ કરતા બંધ થઈ ગયા હતા.
- મક્કમ મન ધરાવતા ભાવિનાબેન પટેલે સ્નાતક સુધી અભ્યાસ કર્યો છે. ત્યારબાદ તેમણે વ્હીલચેરથી ટેબલ ટેનિસ રમવાનું શરૂ કર્યુ હતું.
- તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં સંખ્યાબંધ ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા છે.
- વર્ષ 2011માં સુશ્રી ભાવિનાબેન પટેલે PTT થાઈલેન્ડ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ જીતીને ઈતિહાસ રચ્યો હતો.
- ત્યારબાદ ઓક્ટોબર 2013માં બેઈજિંગમાં એશિયન પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં વર્ગ 4 કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- વર્ષ 2017માં ફરી એકવાર તેમણે એશિયન પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

નોંધ : (1) વર્ગ 4 કેટેગરી એટલે રમતવીર યોગ્ય બેઠક સંતુલન જાળવે છે. જેમાં તેના હાથ યોગ્ય હોય છે. જ્યારે તેની કમરનો નીચેનો ભાગ ઈજા અથવા લકવાના કારણે નબળો છે અને કામ કરી શકતો નથી.

(2) ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પેરાલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ને રૂ. 5 કરોડ, સિલ્વર મેડલ વિજેતાને રૂ. 3 કરોડ અને બ્રોન્ઝ મેડલ વિજેતાને રૂ. 2 કરોડ પ્રોત્સાહક ધન રાશિ દિવ્યાંગ ખેલ પ્રતિભા યોજના હેઠળ આપવાનો નવતર અભિગમ રમત–ગમત વિભાગે શરૂ કર્યો છે.

(3) આ અંતર્ગત સુશ્રી ભાવિનાબેન પટેલને 3 કરોડ રૂપિયાની પ્રોત્સાહક ધનરાશિ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી નિષાદ કુમારે હાઈ જમ્પમાં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો

ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી નિષાદ કુમારે પુરુષોની T47 હાઈ જમ્પ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

- શ્રી નિષાદ કુમારે 2.06 મીટરનો હાઈ જમ્પ લગાવીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો.
- નોંધનીય છે કે ટોક્યો પેરાલિમ્પિકની T47 હાઈ જમ્પ (ઉંચી કૂદ)ની કેટેગરીમાં સિલ્વર મેડલ માટે ટાઈ પડી હતી.
- આથી ભારતના શ્રી નિષાદ કુમાર અને અમેરિકાના શ્રી ડેલ્લાસ વાઈઝને સંયુક્તપણે સિલ્વર મેડલ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.
- શ્રી નિષાદ કુમારનો જન્મ 3 ઓક્ટોબર, 1999ના રોજ હિમાચલ પ્રદેશના ઉના જિલ્લામાં થયો હતો.
- માત્ર 8 વર્ષની ઉંમરે એક અકસ્માત દરમિયાન તેમણે તેમનો જમણો હાથ ગુમાવ્યો હતો.
- આ અગાઉ દુબઈમાં વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સમાં પુરુષોની હાઈ જમ્પ T46 કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- T47 કેટેગરીમાં મુખ્યત્વે કોણી નીચે અથવા કાંડાની ક્ષતિ ધરાવતા રમતવીરોનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# ભૂચર મોરીના યુધ્ધના મહાન શહીદોને ભવ્ય શ્રધ્ધાંજલી

તાજેતરમાં શ્રાવણવદ સાતમના રોજ ગુજરાતમાં ભૂચર મોરીના યુદ્ધના મહાન શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

## ભારતના ઈતિહાસનું ગૌરવવંતુ ભૂચર મોરીનું યુદ્ધ શું છે ?



આજથી આશરે 429 વર્ષ પૂર્વે વિક્રમ સંવત 1648માં ગુજરાતના સૌરાષ્ટ્રમાં ધ્રોલના ભૂચર મોરી મેદાનમાં જામનગરના રાજવી શ્રી જામ સતાજી અને મુઘલ શાસક અકબરના સૈન્ય વચ્ચે થયેલું યુદ્ધ ભૂચર મોરીના યુદ્ધ તરીકે પ્રસિદ્ધ છે.

- ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલા અને ભારતના ઈતિહાસના સર્વકાલીન મહાન યુદ્ધોમાં સ્થાન પામેલા આ યુદ્ધની મુખ્ય વિશેષતા એ હતી કે આ યુદ્ધ સીમા, સરહદ કે જમીનના ટુકડા માટે લડાયું ન હતું, પરંતુ ક્ષાત્ર ધર્મના પાલન માટે આ યુદ્ધ લડાયું હતું.
- ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફર શાહ ત્રીજાને દિલ્હીના સુલતાન અકબરે હરાવ્યા બાદ તેમને કેદ કર્યા હતા.
- પરંતુ મુઝફ્ફર શાહ ત્રીજા ત્યાંથી ભાગીને જામનગરના રાજવી શ્રી જામ સતાજીના શરણે આવ્યા હતા.
- આથી અકબરે શ્રી જામ સતાજીને સંદેશો મોકલ્યો કે કેદીને સોંપો અથવા યુદ્ધ માટે તૈયાર રહો.
- ત્યારે જામનગરના રાજવી શ્રી જામ સતાજીએ ખૂમારીપૂર્વક જવાબ આપ્યો કે શરણમાં આવેલાનું કોઈપણ ભોગે રક્ષણ કરવું એ અમારો ધર્મ છે.
- આથી શ્રી જામ સતાજીનો વીરતા ભર્યો જવાબ સાંભળીને ક્રોધે ભરાયેલા અકબરે મિર્ઝા અકીક કોકાને લશ્કર લઈને જામનગર પર ચડાઈ કરવા રવાના કર્યા અને અકબરના સૈન્ય તથા શ્રી જામ સતાજીની સેના વચ્ચે ધ્રોલના ભૂચર મોરીના મેદાનમાં યુદ્ધ થયું.
- ભારતના ક્ષત્રિય સમાજની શૌર્ય ગાથા, બલિદાન અને તેમના ભવ્ય ઈતિહાસને સુવર્ણ અક્ષરે અંકિત કરતા અને માત્રને માત્ર આશરા ધર્મ તથા ક્ષાત્ર ધર્મનું પાલન કરવા માટે લડાયેલા આ યુદ્ધના અંતિમ દિવસે પોતાના લગ્નમાં જવાને બદલે રણમેદાનમાં જવાનું પસંદ કરનાર જામનગરના પાટવીકુંવર શ્રી અજાજીએ ભૂચર મોરીની ધરાને અનેક મોગલોના રક્તથી રંગીને યુદ્ધમાં લડતા લડતા શહાદત વહોરી હતી.
- આ યુદ્ધનો અંતિમ દિવસ હતો સંવત 1648ની શ્રાવણ વદ સાતમનો.
- આથી દર વર્ષે શ્રાવણ વદ સાતમને દિવસે રાજપૂત સમાજ દ્વારા ભૂચર મોરી મેદાનમાં ક્ષાત્ર ધર્મના પાલન માટે શહીદ થયેલા મહાન શહીદોને ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પીને તેમની શહાદતને યાદ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) ભૂચર મોરીના આ યુદ્ધમાં શરૂઆતમાં જૂનાગઢના નવાબ શ્રી દોલતખાને જામનગરના રાજવી શ્રી જામ સતાજીની મદદ કરી હતી પરંતુ પાછળથી તેમણે આ યુદ્ધમાં અકબરનો સાથ આપ્યો હતો.

(2) પ્રસિદ્ધ ઈતિહાસકાર શ્રી રામકુભાઈ ખાચરના મતે "ભૂચર મોરીનું યુદ્ધ રખાવટ અને આશરાધર્મની મિશાલ સમાન છે."


(3) સૌરાષ્ટ્ર કચ્છના છેલ્લા બે મહાયુદ્ધમાં ભૂચર મોરીના યુદ્ધનો સમાવેશ થાય છે. ભૂચર મોરીનું યુદ્ધ 'ધ્રોલના યુદ્ધ' તરીકે પણ ઓળખાય છે.

(4) ગુજરાતના પ્રસિદ્ધ લોકસાહિત્યકાર તથા 'રાષ્ટ્રીય શાયર' શ્રી ઝવેરચંદ મેઘાણીએ ભૂચરમોરીના યુદ્ધ પરથી 'સમરાંગણ' નામની કૃતિની રચના કરી હતી.

(5) જુલાઈ **1591**માં થયેલા ભૂચર મોરીના યુદ્ધને 'ગુજરાત (અથવા તો સૌરાષ્ટ્ર)ના પાણીપત' તરીકે ઓળખવામાં આવે છે.

(6) ભૂચર મોરીના યુદ્ધ સમયે વર્તમાન જામનગર 'નવાનગર' તરીકે ઓળખાતું હતું.

(7) ભૂચર મોરીના યુદ્ધના મહાન શહીદોના સન્માનમાં ગુજરાત સરકાર દ્વારા વર્ષ **2016**માં **67**મા વન મહોત્સવ અંતર્ગત જામનગર જિલ્લાના ધ્રોલ પાસેના ભૂચર મોરી ખાતે 'શહીદ વન' નામના સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવામાં આવ્યું હતું.



## વિદેશી જહાજો માટે ચીનના નવા દરિયાઈ નિયમો

તાજેતરમાં ચીને નવા દરિયાઈ નિયમોની સૂચના આપી છે. જેમાં ચીનના પ્રદેશિક જળ ક્ષેત્રમાં પ્રવેશતા જહાજોને સામાનની વિગતોની જાણ કરવી પડશે.

- આ નવો નિયમ 1 સપ્ટેમ્બર, 2021થી લાગુ થયો છે.
- ચીને તેના નકશા પર કહેવાતી 'નાઈન ડેશ લાઈન' હેઠળ દક્ષિણ ચીન સમુદ્રના મોટાભાગના ક્ષેત્ર પર પોતાનું ક્ષેત્ર હોવાનો દાવો કરે છે, જે ફિલિપાઈન્સ, વિયેતનામ, મલેશિયા અને ઈન્ડોનેશિયા સહિત અન્ય કેટલાક દેશો દ્વારા વિવાદિત છે.
- સબમર્સિબલ્સ, પરમાણુ જહાજો, કિરણોત્સર્ગી સામગ્રી વહન કરતા જહાજો, જથ્થાબંધ તેલ, રસાયણો, લિક્વિફાઈડ ગેસ અને અન્ય ઝેરી તથા હાનિકારક પદાર્થો કે જે ચીનની દરિયાઈ ટ્રાફિક સલામતિને જોખમમાં મુકે છે તેવા જહાજના સંચાલકોએ ચીનના પ્રાદેશિક જળ ક્ષેત્રમાં પ્રવેશતા પહેલા માલ–સામાનની માહિતી આપવી પડશે.
- નોંધનીય છે કે ચીન દક્ષિણ ચીન સમુદ્રના આશરે 1.3 મિલિયન ચોરસ માઈલનો પોતાનો સાર્વભૌમ પ્રદેશ તરીકે દાવો કરે છે.

### દક્ષિણ ચીન સમુદ્ર

- **સ્થાન :** દક્ષિણ ચીન સમુદ્ર પશ્ચિમ પ્રશાંત મહાસાગરનો એક ભાગ છે, જે દક્ષિણ–પૂર્વ એશિયામાં સ્થિત છે. તે ચીનના દક્ષિણ અને પૂર્વમાં, વિયેતનામની દક્ષિણે, ફિલિપાઈન્સની પશ્ચિમમાં તથા બોર્નિયો ટાપુની ઉત્તરે સ્થિત છે.

  – તે તાઈવાન સ્ટ્રેટ (સમુદ્રધાની) દ્વારા પૂર્વ ચીન સાગર અને લુઝોન સ્ટ્રેટ (સમુદ્રધાની) દ્વારા ફિલિપાઈન્સ સમુદ્ર સાથે જોડાયેલ છે.
- **સરહદી દેશો :** ઉત્તરથી દક્ષિણ તરફ ચીન, તાઈવાન, ફિલિપાઈન્સ, મલેશિયા, બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, સિંગાપોર અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- **મહત્વ :** દક્ષિણ ચીન–સમુદ્રને દરિયાઈ જૈવ–વિવિધતા તેમજ ખનિજ તેલ અને કુદરતી ગેસના વિશાળ ભંડાર તરીકે ઓળખવામાં આવે છે.

  – એક અનુમાન મુજબ વિશ્વના કુલ દરિયાઈ વેપારનો 30 ટકા હિસ્સો દક્ષિણ ચીન સમુદ્રમાંથી પસાર થાય છે.

  – 5 ટ્રિલિયન ડોલરથી વધુનો વેપાર દક્ષિણ ચીન સમુદ્રમાંથી પસાર થાય છે.

નોંધ : 'નાઈન–ડેશ લાઈન' એટલે આ ક્ષેત્રના નકશા પર ચીન દ્વારા દોરેલી 9 આભાસી રેખાઓ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કયા દિવસને 'લઘુ ઉદ્યોગ દિવસ' અથવા 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?

(A) 30 ઓગસ્ટ (B) 31 ઓગસ્ટ (C) 1 સપ્ટેમ્બર (D) 2 સપ્ટેમ્બર (A)

2. ગુજરાતના દીકરી સુશ્રી ભાવિનાબેન પટેલે ટોક્યો પેરાલિમ્પિક 2020માં સિલ્વર મેડલ જીત્યો છે. તે કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ટેબલ ટેનિસ (B) ડિસ્ક થ્રો (C) શૂટિંગ (D) સ્વિમિંગ (A)

3. સુશ્રી ભાવિનાબેન પટેલ ગુજરાતના કયા જિલ્લાના વતની છે ?

(A) સાબરકાંઠા (B) પંચમહાલ (C) મહેસાણા (D) વડોદરા (C)

4. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી નિષાદ કુમારે સિલ્વર મેડલ જીત્યો છે. તે કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) શૂટિંગ (B) હાઈ જમ્પ (C) ટેબલ ટેનિસ (D) ડિસ્ક થ્રો (B)

5. વિક્રમ સંવત 1648માં ગુજરાતમાં ભૂચર મોરીના મેદાનમાં પ્રસિધ્ધ ભૂચર મોરીનું યુધ્ધ થયું હતું....... ભૂચર મોરીનું આ મેદાન કયાં આવેલું છે ?

(A) વઢવાણ (B) જામજોધપુર (C) ધ્રોલ (D) વ્યારા (C)

6. ભારતના ઈતિહાસનું કયું યુધ્ધ 'ગુજરાતના પાણીપત' (અથવા તો સૌરાષ્ટ્રના પાણીપત) તરીકે ઓળખાય છે ?

(A) સુરતનું યુધ્ધ (B) ભૂચર મોરીનું યુધ્ધ

(C) કચ્છનું યુધ્ધ (D) જૂનાગઢનું યુધ્ધ (B)

7. ભૂચર મોરીના યુધ્ધ પરથી શ્રી ઝવેરચંદ મેઘાણીએ કયા પુસ્તકની રચના કરી હતી ?

(A) કંકાવટી (B) વેરની વસૂલાત (C) કોઈનો લાડકવાયો (D) સમરાંગણ (D)

8. તાજેતરમાં કયા દેશે તેમના નવા દરિયાઈ નિયમો રજૂ કર્યા છે. જે અંતર્ગત તેમના દરિયાઈ જળ ક્ષેત્રમાં પ્રવેશતા પહેલા જહાજના માલ સામાનની વિગતોની જાણ કરવી પડશે ?

(A) ચીન (B) મલેશિયા (C) બાંગ્લાદેશ (D) બર્મૂડા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટોક્યો પેરાલિમ્પિક 2020મા સુશ્રી અવની લેખરાએ ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો

ભારતીય પેરાલિમ્પિયન અને રાઈફલ શૂટર (શૂટિંગ) સુશ્રી અવની લખેરાએ ટોક્યો પેરાલિમ્પિક 2020માં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

- આ સાથે પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે.
- સુશ્રી અવની લખેરાએ વિમેન્સ 10 મીટર એર રાઈફલ સ્ટેન્ડિંગ SH1 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- તેમણે ફાઈનલમાં 249.6 પોઈન્ટ પ્રાપ્ત કર્યા હતા.
- આ ઉપરાંત તેમણે ટોક્યો ઓલિમ્પિક 2020માં જ 50 મીટર એર રાઈફલ્સમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો છે.

### સુશ્રી અવની લખેરા

સુશ્રી અવની લખેરાનો જન્મ 8 નવેમ્બર, 2001ના રોજ રાજસ્થાનના જયપુર ખાતે થયો હતો.

- નોંધનીય છે કે શૂટિંગમાં ગોલ્ડ મેડલ જીતનાર સુશ્રી અવની લખેરા રાજસ્થાન વન વિભાગમાં ACF તરીકે કાર્યરત છે.
- વર્ષ 2012માં કાર અકસ્માત દરમિયાન કરોડરજ્જુમાં ઈજા થઈ હતી.
- સુશ્રી અવની લખેરા વર્તમાન શૂટિંગ ક્ષેત્રે વિશ્વમાં પાંચમાં ક્રમે છે.
- તેમણે વર્ષ 2019માં દુબઈમાં યોજાયેલા પેરા શૂટિંગ વર્લ્ડ કપની 10 મીટર એર રાઈફલ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- આ ઉપરાંત વર્ષ 2015માં નેશનલ પેરાલિમ્પિક શૂટિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ICE FOR COMPETITIVE EXAMS



## દેશમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટના 9 ન્યાયાધીશોએ એક સાથે શપથ લીધા

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી એન.વી. રમણે 31 ઓગસ્ટ, 2021ના રોજ ત્રણ મહિલાઓ સહિત 9 નવા ન્યાયાધીશોને પદના શપથ લેવડાવ્યા હતા.

- સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં આવુ પ્રથમવાર બન્યું કે એક સાથે નવ ન્યાયાધીશએ શપથ લીધા હોય.
- નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટની કોલેજિયમે 17 ઓગસ્ટ, 2021ના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નવ નામોની ભલામણ કરી હતી.
- ત્યારબાદ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તેમની નિમણૂક પત્ર પર સહી કરી હતી.

### સુપ્રીમ કોર્ટના 9 નવા ન્યાયધીશ

(1) શ્રી અભય શ્રીનિવાસ ઓકા (જે કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા.)

(2) શ્રી વિક્રમ નાથ (જે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા.)

(3) શ્રી જીતેન્દ્ર કુમાર માહેશ્વરી (જે સિક્કિમ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા.)

(4) સુશ્રી હિમા કોહલી (જે તેલંગાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા.)

(5) સુશ્રી બી.વી. નાગરત્ના (જે કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ હતા.)

(6) શ્રી સી.ટી. રવિ કુમાર (જે કેરળ હાઈકોર્ટના ન્યાયાધીશ હતા.)

(7) શ્રી એમ.એમ સુંદરેશ (જે મદ્રાસ હાઈકોર્ટના (તમિલનાડુ)ના ન્યાયાધીશ હતા.)

(8) સુશ્રી બેલા એમ ત્રિવેદી (જે ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ હતા.)

(9) શ્રી પી.એસ નરસિમ્હા (તેઓ એક સિનિયર વકીલ હતા.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના અનુચ્છેદ 124 (3) મુજબ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત નીચે મુજબ છે :

**સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત**

- ભારતના નાગરિક હોવા જોઈએ.
- કોઈપણ રાજ્યની હાઈકોર્ટમાં 5 વર્ષ ન્યાયાધીશ તરીકે અનુભવ હોવો જોઈએ અથવા કોઈપણ રાજ્યની ઉચ્ચ ન્યાયાલયમાં 10 વર્ષનો વકીલાતનો અનુભવ હોવો જોઈએ.
- રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

નોંધ : (1) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વધુમાં વધુ <u>65 વર્ષ</u>ની ઉંમર સુધી પદ પર રહી શકે છે.

(2) જોકે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનવા માટે ન્યૂનતમ વય મર્યાદા નક્કી કરવામાં આવી નથી.

(3) ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 124 (2)</u> મુજબ રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 124 (4)</u> અંતર્ગત દર્શાવેલ પ્રક્રિયા અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને તેમના પદ પરથી દૂર કરી શકાય છે.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશનો પગાર

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોના પગાર, ભથ્થાઓ, વિશેષાધિકારો, રજા અને પેન્શન સંસદ દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવે છે.

- ભારતમાં વર્તમાન સમયે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશનો માસિક પગાર <u>રૂ. 2,50,000</u> છે.
- જ્યારે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનો માસિક પગાર <u>રૂ. 2,80,000</u> છે.

## સુપ્રીમ કોર્ટ સંબંધિત બંધારણના મહત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| 124 થી 147 | સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ |
| 124 | સુપ્રીમ કોર્ટની સ્થાપના |
| 124 (1) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યામાં ફેરફાર કરવાની સંસદની સત્તા |
| 124 (2) | રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક |
| 124 (3) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત |
| 124 (4) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હોદા પરથી દૂર કરવાની પ્રક્રિયા |

નોંધ : (1) ભારતીય બંધારણના <u>ભાગ– 5</u>ના <u>અનુચ્છેદ 124 થી 147</u> સુપ્રીમ કોર્ટ સાથે જોડાયેલ છે.

(2) ભારતમાં હાલની સુપ્રીમ કોર્ટ એ ‘<u>ભારત શાસન અધિનિયમ, 1935</u>’ દ્વારા સ્થાપિત ફેડરલ કોર્ટ (Federal Court)નું ફળ સ્વરૂપ છે.

(3) વર્તમાન સુપ્રીમ કોર્ટનું ઉદ્‌ઘાટન <u>28 જાન્યુઆરી, 1950</u>ના રોજ કરવામાં આવ્યું હતું.



## શ્રી સુમિત અંતિલે ટોક્યો પેરાલિમ્પિકમાં જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો



શ્રી સુમિત અંતિલે ટોક્યો પેરાલિમ્પિક 2020માં જેવેલિન થ્રો (ભાલાફેંક)માં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

- શ્રી સુમિત અંતિલે જેવેલિન થ્રો ની F64 ઈવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડ સાથે ટોચનું સ્થાન મેળવ્યું છે.
- તેમણે 68.55 મીટરનો થ્રો ફેંકી આ ગોલ્ડ મેડલ જીત્યો છે.

### શ્રી સુમિત અંતિલ

શ્રી સુમિત અંતિલનો જન્મ 6 જુલાઈ, 1998ના રોજ હરિયાણા રાજ્યના સોનીપત ખાતે થયો હતો.

- વર્ષ 2015માં એક અકસ્માતમાં તેમણે તેનો ડાબો પગ ગુમાવ્યો હતો.
- ટોક્યો પેરાલિમ્પિક 2020માં 68.55 મીટર થ્રો ફેંકી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.
- આ અગાઉ 2019માં દુબઈ ખાતે વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટોક્યો પેરાલિમ્પિક 2020માં ભારતે જીતેલા અન્ય મેડલ

### શ્રી દેવેન્દ્ર ઝાઝરિયા



ભારતના અનુભવી પેરાએથ્લેટ શ્રી દેવેન્દ્ર ઝાઝરિયાએ મેન્સ જેવેલિન થ્રો ની F-46 ઈવેન્ટમાં 64.35 મીટરના બેસ્ટ થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો હતો.

- નોંધનીય છે કે તેઓ અગાઉ પેરાલિમ્પિક્સમાં બે વખત ગોલ્ડ મેડલ જીતી ચૂક્યા છે.
- શ્રી દેવેન્દ્ર ઝાઝરિયાનો જન્મ 10 જૂન, 1981ના રોજ રાજસ્થાનના ચુરુ જિલ્લામાં થયો હતો.
- એક ઝાડ પર ચઢતા સમયે તેમને જીવંત ઈલેક્ટ્રિક કેબલ સ્પર્શ થયો હતો જેના કારણે તેમને ડાબા હાથ પર ઈજા થઈ હતી.
- આ દુર્ઘટનામાં તેમણે તેમનો ડાબો હાથ ગુમાવ્યો હતો. આ સમયે તેમની ઉંમર માત્ર 8 વર્ષની હતી.
- વર્ષ 2004માં એથેન્સ પેરાલિમ્પિક અને વર્ષ 2016માં રિયો પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા.
- આ ઉપરાંત IPC વર્લ્ડ ચેમ્પિયનશિપમાં વર્ષ 2013માં ગોલ્ડ અને વર્ષ 2015માં સિલ્વર મેડલ જીત્યો હતો.
- વર્ષ 2014માં દક્ષિણ કોરિયાના ઈંચિયોન ખાતે એશિયન પેરા ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- શ્રી દેવેન્દ્ર ઝાઝરિયાને મળેલા પુરસ્કાર આ મુજબ છે :

  (1) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન (2017)

  (2) પદ્મ શ્રી (2012)

  (3) અર્જુન એવોર્ડ (2004)

## શ્રી યોગેશ કથુનિયા




ડિસ્ક થ્રો ની F 56 ઈવેન્ટમાં ભારતીય પેરા ખેલાડી શ્રી યોગેશ કથુનિયાએ સિલ્વર મેડલ જીત્યો છે.

- તેમણે 44.38 મીટર દૂર બેસ્ટ થ્રો કરી આ સિલ્વર મેડલ જીત્યો છે.
- શ્રી યોગેશ કથુનિયાનો જન્મ 3 માર્ચ, 1997ના રોજ દિલ્હી ખાતે થયો હતો.
- આ અગાઉ વર્ષ 2019માં વિશ્વ ચેમ્પિયનશિપમાં ડિસ્ક થ્રો ની F 56 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## શ્રી સુંદર સિંહ ગુર્જર



શ્રી સુંદર સિંહ ગુર્જરે ટોક્યો પેરાલિમ્પિક 2020માં જેવેલિન થ્રો ની F 46 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

- તેમણે 64.01 મીટર થ્રો કરી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- શ્રી સુંદર સિંહ ગુર્જરનો જન 1 જાન્યુઆરી, 1996ના રોજ રાજસ્થાનના કરૌલી ખાતે થયો હતો.
- તેમણે આ અગાઉ ઈન્ડોનેશિયામાં યોજાયેલ એશિયન પેરા ગેમ્સમાં જેવેલિન થ્રો ની F 46 ઈવેન્ટમાં સિલ્વર મેડલ અને ડિસ્ક થ્રો ની F 46 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## શ્રી મરિયપ્પન થંગાવેલુ




શ્રી મરિયપ્પન થંગાવેલુએ હાઈ જમ્પની T 63 ઈવેન્ટની ફાઈનલમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

- શ્રી મરિયપ્પન થંગાવેલુનો જન્મ 28 જૂન, 1995ના રોજ તમિલનાડુના સાલેમ જિલ્લાના પેરીયાવાડાગામપટ્ટી ખાતે થયો હતો.
- આ અગાઉ વર્ષ 2016માં રિયો પેરાલિમ્પિકમાં હાઈ જમ્પની T 42 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- શ્રી મરિયપ્પન થંગાવેલુને મળેલા પુરસ્કાર આ મુજબ છે :
  (1) પદ્મ શ્રી (2017) (2) અર્જુન એવોર્ડ (2017) (3) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન (2020)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી શરદ કુમાર

ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી શરદ કુમારે હાઈ જમ્પની T 63 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

- શ્રી શરદ કુમારનો જન્મ 1 માર્ચ, 1992ના રોજ બિહાર રાજ્યના મુઝફ્ફર ખાતે થયો હતો.
- આ અગાઉ તેમણે એશિયન પેરા ગેમ્સમાં વર્ષ 2014માં અને વર્ષ 2018માં એમ બે વખત ગોલ્ડ મેડલ જીત્યો છે.
- આ ઉપરાંત IPC વર્લ્ડ ચેમ્પિયનશિપ વર્ષ 2017માં લંડન ખાતે સિલ્વર મેડલ જીત્યો હતો.

## શ્રી સિંહરાજ અધના

શ્રી સિંહરાજ અધનાએ ટોક્યો પેરાલિમ્પિક 2020માં શૂટિંગમાં મેન્સ 10 મીટર એર પિસ્તોલ SH 1માં બ્રોન્ઝ મેડલ અને 50 મીટર એર પિસ્તોલ SH 1ની મિક્સ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

- શ્રી સિંહરાજ અધનાનો જન્મ 26 જાન્યુઆરી, 1982ના રોજ હરિયાણાના ફરીદાબાદ ખાતે થયો હતો.
- તેમને 'સિંહરાજ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## શ્રી હરવિંદર સિંહ

શ્રી હરવિંદર સિંહે ટોક્યો પેરાલિમ્પિક 2020માં મેન્સ સિંગલ્સ રિકર્વ તીરંદાજીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

- ભારત માટે તીરંદાજીમાં આ પ્રથમ ઓલિમ્પિક મેડલ છે.

## શ્રી પ્રવીણ કુમાર

શ્રી પ્રવીણ કુમારે ટોક્યો પેરાલિમ્પિક 2020માં હાઈ જમ્પમાં T 64 ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો છે.

- શ્રી પ્રવીણ કુમારનો જન્મ ઉત્તરપ્રદેશના નોઈડા ખાતે થયો હતો.

## TUESDAY Questions

1. ટોક્યો પેરાલિમ્પિક 2020માં સુશ્રી અવની લેખરાએ ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે. તેઓ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) શૂટિંગ (B) ડિસ્ક થ્રો (C) જેવેલિન થ્રો (D) ટેનિસ — (A)

2. ટોક્યો પેરાલિમ્પિક 2020માં ગોલ્ડ મેડલ વિજેતા સુશ્રી અવની લખેરા કયા રાજ્યના વતની છે ?

(A) કેરળ (B) રાજસ્થાન (C) તમિલનાડુ (D) કર્ણાટક — (B)

3. તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટમાં એક સાથે કેટલા ન્યાયાધીશોએ શપથ લીધા છે ?

(A) 5 (B) 6 (C) 7 (D) 9 — (D)

4. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી સુમિત અંતિલે ગોલ્ડ મેડલ જીત્યો છે. તે કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) જેવેલિન થ્રો (B) ડિસ્ક થ્રો (C) હાઈ જમ્પ (D) શૂટિંગ — (A)

5. ટોક્યો પેરાલિમ્પિક 2020માં ગોલ્ડ મેડલ વિજેતા શ્રી સુમિત અંતિલ કયા રાજ્યના વતની છે ?

(A) હરિયાણા (B) ઉત્તરપ્રદેશ (C) બિહાર (D) ઝારખંડ — (A)

6. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી દેવેન્દ્ર ઝાઝરિયાએ સિલ્વર મેડલ જીત્યો છે. તેઓ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) શૂટિંગ (B) ટેબલ ટેનિસ (C) સ્વિમિંગ (D) જેવેલિન થ્રો — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. ટોક્યો પેરાલિમ્પિક 2020માં સિલ્વર મેડલ જીતનાર શ્રી યોગેશ કથુનિયા કઈ રમત સાથે સંકળાયેલા છે ?

(A) ડિસ્ક થ્રો (B) હાઈ જમ્પ

(C) સ્વિમિંગ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

(A)

8. ટોક્યો પેરાલિમ્પિક 2020માં બ્રોન્ઝ મેડલ જીતનાર શ્રી સુંદર સિંહ ગુર્જર કઈ રમત સાથે સંકળાયેલા છે ?

(A) તીરંદાજી (B) વેઈટ લિફ્ટિંગ (C) સ્વિમિંગ (D) જેવેલિન થ્રો

(D)

9. ટોક્યો પેરાલિમ્પિક 2020માં સિલ્વર મેડલ જીતનાર શ્રી મરિયપ્પન થંગાવેલુ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) શૂટિંગ (B) હાઈ જમ્પ (C) તીરંદાજી (D) સ્વિમિંગ

(B)

10. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી શરદ કુમારે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તેઓ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) હાઈ જમ્પ (B) ડિસ્ક થ્રો (C) શૂટિંગ (D) ટેનિસ

(A)

11. ટોક્યો પેરાલિમ્પિક 2020માં બ્રોન્ઝ અને સિલ્વર મેડલ જીતનાર શ્રી સિંહરાજ અધના કઈ રમત સાથે સંકળાયેલા છે ?

(A) શૂટિંગ (B) સ્વિમિંગ (C) તીરંદાજી (D) વેઈટ લિફ્ટિંગ

(A)

12. ટોક્યો પેરાલિમ્પિક 2020માં બ્રોન્ઝ મેડલ જીતનાર શ્રી હરવિંદર સિંહ કઈ રમત સાથે સંકળાયેલા છે ?

(A) વેઈટ લિફ્ટિંગ (B) હાઈ જમ્પ

(C) તીરંદાજી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

(C)

13. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી પ્રવીણ કુમારે હાઈ જમ્પમાં સિલ્વર મેડલ જીત્યો છે. તેઓ ________ રાજ્યના વતની છે.

(A) તમિલનાડુ (B) રાજસ્થાન (C) ઉત્તરપ્રદેશ (D) મેઘાલય

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર શ્રી ડેલ સ્ટેઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.

દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર શ્રી ડેલ સ્ટેઈને 31 ઓગસ્ટ, 2021ના રોજ તમામ પ્રકારના ક્રિકેટ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.

- આ અગાઉ વર્ષ 2019માં તેમણે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

### શ્રી ડેલ સ્ટેઈન




શ્રી ડેલ સ્ટેઈનનો જન્મ 27 જૂન, 1983ના રોજ દક્ષિણ આફ્રિકાના ફલાબોરવા શહેર ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ ડેલ વિલેમ સ્ટેઈન (Dale Willem Steyn) છે.
- તેમણે તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો પ્રારંભ વર્ષ 2004માં ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ મેચથી કર્યો હતો.
- ટેસ્ટ કારકિર્દીમાં તેમણે 93 મેચમાં 1,251 રન અને 439 વિકેટ ઝડપી હતી.
- વન ડે કારકિર્દીમાં તેમણે 125 મેચમાં 365 રન અને 196 વિકેટ ઝડપી હતી.
- જ્યારે T-20 માં તેમણે 47 મેચમાં 21 રન અને 64 વિકેટ ઝડપી છે.
- તેઓ IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, ડેક્કન ચાર્જસ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને ગુજરાત લાયન્સની ટીમમાં પણ રમી ચૂક્યા છે.
- તેઓ ફાસ્ટ બોલર તરીકે પ્રસિધ્ધ હતા.
- શ્રી ડેલ સ્ટેઈનને મળેલા પુરસ્કારો નીચે મુજબ છે :

(1) ICC ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર (2008) (2) ICC વન ડે ટીમ ઓફ ધ યર (2011, 2014)
(3) વિઝડન ક્રિકેટર ઓફ ધ યર (2014)

ICE INSTITUTE FOR COMPETITIVE EX ®

## શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની 125મી જન્મજયંતિ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્મારક સિક્કો બહાર પાડ્યો

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની 125મી જન્મજયંતિ નિમિત્તે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી 125 રૂપિયાનો સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો.

### શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ




શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદનો જન્મ 1 સપ્ટેમ્બર, 1896ના રોજ કોલકાતા ખાતે થયો હતો.

- શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદે 'ઈસ્કોન'ની સ્થાપના કરી હતી. જે હરેકૃષ્ણ ચળવળ તરીકે પણ ઓળખાય છે.
- ઈસ્કોનનું પૂરું નામ 'International Society for Krishna Consciousness' છે.

- ઈસ્કોને શ્રીમદ ભગવત ગીતા અને અન્ય વૈદિક સાહિત્યનો વિવિધ ભાષાઓમાં અનુવાદ કર્યો છે.
- અને આ રીતે સમગ્ર વિશ્વમાં વૈદિક સાહિત્યના પ્રચારમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવી છે.
- તેમની કૃતિઓ પ્રકાશિત કરવા માટે 1972માં ભક્તિવેદાંત બુક ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- તેમના ગુરૂ શ્રી ભક્તિસિદ્ધાંત સરસ્વતી ઠાકુર હતા. જેમણે તેમને વૈદિક જ્ઞાન શિખવ્યું હતું.
- શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદે સૌથી વધુ મંદિરોની સ્થાપના કરી અને વિશ્વને ભક્તિ યોગનો માર્ગ શિખવવા માટે ઘણા પુસ્તકો લખ્યા હતા.
- તેમને શ્રીલ પ્રભુપાદ અને સ્વામી પ્રભુપાદ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## e-Gopala એપ્લિકેશનનું વેબ વર્ઝન લોન્ચ કરવામાં આવ્યું

ઈ–ગોપાલા એપ્લિકેશનનું વેબ વર્ઝન 28 ઓગસ્ટ, 2021ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.

- ઈ–ગોપાલા (અથવા ઈ–ગોપાલ)નું વેબ વર્ઝન 'નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ' (NDDB) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- આ પોર્ટલ ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂતો માટે શરૂ કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત NDDB એ IMAP વેબ પોર્ટલ પણ શરૂ કર્યુ છે. જે ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂતોને દૂધની વધુ સારી ઉત્પાદકતા માટે ખેડૂતોને વાસ્તવિક સમયની માહિતી પૂરી પાડે છે.
- આ વેબ પોર્ટલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ડિજિટલ ઈન્ડિયા'ના વિઝન સાથે સુસંગત છે.
- ઈ–ગોપાલા એપ એક વ્યાપાક જાતિ સુધારણા બજાર અને માહિતી પોર્ટલ છે.
- ઈ–ગોપાલા પ્લેટફોર્મ ખેડૂતોને તેમના પશુધનનું સંચાલન કરવામાં મદદ કરશે.
- તે ગુણવત્તાયુક્ત સંવર્ધન સેવાઓની ઉપલબ્ધતા તેમજ પશુ પોષણ અને પ્રાણીઓની સારવાર અંગે ખેડૂતોને માર્ગદર્શન આપશે.
- તેમાં રસીકરણ, નિદાન અને ખેડૂતોને સરકારી યોજનાઓ વિશે માહિતી આપવાની પધ્ધતિનો પણ સમાવેશ થાય છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં શ્રી ડેલ સ્ટેઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તેઓ કયા દેશના ખેલાડી હતા ?
(A) ઓસ્ટ્રેલિયા (B) દક્ષિણ આફ્રિકા (C) શ્રીલંકા (D) ઈંગ્લેન્ડ **(B)**

2. દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર શ્રી ડેલ સ્ટેઈન વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
(A) તેમનું પૂરું નામ ડેલ વિલેમ સ્ટેઈન છે.
(B) તેઓ ફાસ્ટ બોલર તરીકે પ્રસિધ્ધ છે. તેમણે ટેસ્ટ ક્રિકેટમાં 439 વિકેટ અને વન ડે ક્રિકેટમાં 196 વિકેટ ઝડપી હતી.
(C) તેમને વર્ષ 2008માં ICC ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
(D) ઉપરોક્ત તમામ સાચા **(D)**

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની કેટલામી જન્મ જંયતિ નિમિત્તે 125 રૂપિયાનો સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો ?
(A) 125 મી (B) 126 મી (C) 127 મી (D) 128 મી **(A)**

4. શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદનો જન્મ ક્યારે થયો હતો ?
(A) 30 ઓગસ્ટ, 1896 (B) 31 ઓગસ્ટ, 1896
(C) 1 સપ્ટેમ્બર, 1896 (D) 2 સપ્ટેમ્બર, 1896 **(C)**

5. ઈસ્કોનની સ્થાપના કોણે કરી હતી ?
(A) શ્રી ભક્તિસિદ્ધાંત સરસ્વતિ (B) શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ
(C) શ્રી જયપતાકા સ્વામી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

6. તાજેતરમાં ઈ–ગોપાલા એપ્લિકેશનનું વેબ વર્ઝન લોન્ચ કરવામાં આવ્યું હતું. આ વેબ વર્ઝન કોના દ્વારા વિકસાવવામાં આવ્યું છે ?
(A) NDDB (B) ISRO (C) BLP (D) MBND **(A)**

7. ઈ–ગોપાલા એપ્લિકેશન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
(A) આ પોર્ટલ ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂતો માટે શરૂ કરવામાં આવ્યું છે.
(B) ઈ–ગોપાલા પ્લેટફોર્મ ખેડૂતોને તેમના પશુધનનું સંચાલન કરવામાં મદદ કરશે.
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 2 સપ્ટેમ્બર, વિશ્વ નાળિયેર દિવસ

## સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરીષદનો તાલિબાન પર 2593નો ઠરાવ

તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં તાલિબાન પર લાવવામાં આવેલ 2593નો ઠરાવ ભારતે અપનાવ્યો હતો.

- ફ્રાન્સ, બ્રિટન અને અમેરિકા દ્વારા પ્રાયોજિત ભારત સહિત 13 સભ્યોએ આ ઠરાવની તરફેણમાં મતદાન કર્યુ હતું.
- જ્યારે આ ઠરાવ વિરુદ્ધ એકપણ મતદાન થયુ ન હતું.
- બે કાયમી અને વીટો–હોલ્ડિંગ સભ્યો ચીન અને રશિયાએ મતદાનમાં ભાગ લીધો ન હતો.
- UNSCના આ ઠરાવની સ્વીકૃતિ સુરક્ષા પરિષદ અને અફઘાનિસ્તાન પ્રત્યે આંતરરાષ્ટ્રીય સમુદાયનું વલણ દર્શાવે છે.

### ઠરાવ 2593 વિશે

ઠરાવ 1267 (1999) અનુસાર તે નિયુક્ત વ્યક્તિઓ અને સંસ્થાઓ સહિત અફઘાનિસ્તાનમાં આતંકવાદનો સામનો કરવાના મહત્વને પુનરાવર્તિત કરે છે.

- વર્ષ 1999ના ઠરાવ 1267 અનુસાર '1267 સમિતિ'ની રચના કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની 1267 સમિતિને અલ કાયદા અને તાલિબાન પ્રતિબંધ સમિતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- શરૂઆતમાં આ સમિતિ તાલિબાન દ્વારા નિયંત્રિત અફઘાનિસ્તાન પર લાદવામાં આવેલા પ્રતિબંધોની દેખરેખ માટે બનાવવામાં આવી હતી.
- જો કે પાછળથી તેને મજબૂત કરવામાં આવી હતી અને પ્રતિબંધક પ્રવૃત્તિઓ હાથ ધરવાનો એક મહત્વપૂર્ણ ભાગ બનાવવામાં આવ્યો હતો.
- જો કોઈ વ્યક્તિ અથવા આતંકવાદી સંગઠન આ સુચિમાં શામેલ છે તો તે તેમની પ્રવૃત્તિઓ પર રોક લગાવવામાં, નાણાકીય દંડ લાદવામાં અને સંપત્તિ જપ્ત કરવામાં મદદ કરે છે.
- નોંધનીય છે કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની 1267 સમિતિ સંયુક્ત રાષ્ટ્ર સુરાક્ષા પરિષદના તમામ 15 સભ્યોની બનેલી છે અને તે સર્વ સંમતિથી નિર્ણયો લે છે.
- જો કોઈ સભ્ય દ્વારા કોઈ ઈરાદા કે નિર્ણયનો વિરોદ્ધ કરવામાં આવે તો તે પ્રસ્તાવ પસાર થતો નથી.
- ઠરાવ 2593માં તાલિબાનને અફઘાનિસ્તાન છોડવા ઈચ્છતા લોકો માટે સલામત માર્ગની સગવડ કરવા, માનવતાવાદી દેશમાં પ્રવેશવા દેવા, મહિલાઓ અને બાળકો સહિતના માનવ અધિકારોને જાળવી રાખવા અને સમાવિષ્ટ અને વાટાઘાટાવાળા રાજકીય સમાધાન સુધી પહોંચવા માટે કહેવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હિંદ મહાસાગરમા ચીનની નવી 'સમુદ્રી-સડક-રેલ' (સી-રોડ-રેલ) લિંક

તાજેતરમાં 'યાંગુન' (મ્યાનમાર) મારફતે હિંદ મહાસાગરમાં ચીનના ચેંગડુ (અથવા ચેંગદ) શહેરને પ્રવેશ આપતી નવી 'સમુદ્રી–સડક–રેલ' લિંક શરૂ કરવામાં આવી છે.

- તે પશ્ચિમ ચીનને હિંદ મહાસાગર સાથે જોડતો પ્રથમ 'ટ્રેડ કોરિડર' છે.

- આ નવો ટ્રેડ કોરિડર સિંગાપોર, મ્યાનમાર અને ચીનની લોજિસ્ટિક્સ લાઈનને જોડે છે અને હાલમાં હિંદ મહાસાગરને દક્ષિણ–પશ્ચિમ ચીન સાથે જોડતી સૌથી અનુકૂળ જમિન અને દરિયાઈ ચેનલ છે.
- ચીન મ્યાનમારના 'રખાઈન પ્રાંત'માં ક્યુકફુમાં અન્ય બંદર વિકસાવવાની પણ યોજના ધરાવે છે, જેમાં યુનાન (ચીન)થી સીધા બંદર સુધી પ્રસ્તાવિત રેલવે લાઈનનો સમાવેશ થાય છે.
- નોંધનીય છે કે મ્યાનમારમાં લશ્કરી શાસન અને અશાંતિના કારણે તેમની પ્રગતિ અટકી ગઈ છે.
- ચીન મ્યાનમારમાં આ વિસ્તારને બેલ્ટ એન્ડ રોડ પહેલ હેઠળ 'બોર્ડર ઈકોનોમિક કોઓપરેશન ઝોન' તરીકે વિકસાવવાની યોજના ધરાવે છે.
- આ ક્ષેત્ર મ્યાનમાર માટે આવકનો મહત્વનો સ્ત્રોત બની રહેશે, તથા આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવા માટે ચીન માટે પણ મહત્વપૂર્ણ બની રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BSF ના ડાયરેક્ટર ઓફ જનરલ(DG) તરીકે શ્રી પંકજ કુમાર સિંહની નિમણૂક



તાજેતરમાં 'બોર્ડર સિક્યુરિટી ફોર્સ' (BSF)ના ડાયરેક્ટર જનરલ તરીકે શ્રી પંકજ કુમાર સિંહની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી પંકજ કુમાર સિંહ રાજસ્થાન કેડરના 1988 બેચના વરિષ્ઠ IPS અધિકારી છે.
- તેઓ હાલમાં 'બોર્ડર સિક્યુરિટી ફોર્સ'ના વિશેષ મહાનિર્દેશક તરીકે કાર્યરત છે.
- 7 ફેબ્રુઆરી, 2020ના રોજ તેઓ પ્રતિનિયુક્તિ (Deputation) પર BSF માં જોડાયા હતા.
- આ પહેલા તેઓ CBI માં આઠ વર્ષ અને CRPF માં ચાર વર્ષ સુધી સેવા આપી હતી.
- તેમણે રાજસ્થાન પોલિસના મહત્વપૂર્ણ પદો પર અને સંયુક્ત રાષ્ટ્રનો એક પ્રોજેક્ટ 'બોસ્નિયા'માં પણ કાર્ય કર્યુ હતું.

## કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સગર્ભા મહિલાઓ માટે 'લાડુ વિતરણ યોજના'નો શુભારંભ કરાવ્યો.

તાજેતરમાં ગાંધીનગર લોકસભા મત વિસ્તારના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા ક્ષેત્રની સગર્ભા મહિલાઓ માટે 'લાડુ વિતરણ યોજના' શરૂ કરી હતી.

- આ યોજનાનો શુભારંભ સાણંદ તાલુકાના નિધરાડ ગામ ખાતેથી કરાવ્યો હતો.
- જેમાં કુપોષણ સામે લડવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બાળકના જન્મ સુધી દર મહિને લગભગ સાત હજાર સગર્ભા મહિલાઓને 15 પોષ્ટિક લાડુ મફતમાં મળશે.
- આ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ચણાના લોટ, ઘી અને સાકરથી બનાવેલા ગુણકારી લાડુ શારીરિક અને માનસિક વિકાસ માટે જરૂરી તત્વથી ભરપૂર છે.
- આ લાડુ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તૈયાર કરવામાં આવશે.

## THURSDAY Questions

1. કયા દિવસે 'વિશ્વ નાળિયેર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 સપ્ટેમ્બર (B) 2 સપ્ટેમ્બર (C) 3 સપ્ટેમ્બર (D) 4 સપ્ટેમ્બર (B)

2. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તાલિબાન પર લાવવામાં આવેલ ________ નો ઠરાવ ભારત દ્વારા અપનાવવામાં આવ્યો હતો.

(A) 2593 (B) 2891 (C) 2925 (D) 4625 (A)

3. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો તાજેતરમાં '2593'નો ઠરાવ પસાર થયો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ ઠરાવના સમર્થનમાં UNSCના ભારત સહિત 13 સભ્યોએ સમર્થન કર્યુ હતું જ્યારે રશિયા અને ચીનેએ મતદાન જ કર્યુ ન હતું.

2. તે 1999ના 1267 ઠરાવને પુનરાવર્તિત કરે છે.

3. આ ઠરાવની સ્વીકૃતિ સુરક્ષા પરિષદ અને અફઘાનિસ્તાન પ્રત્યે આંતરરાષ્ટ્રીય સમુદાયનું વલણ દર્શાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

4. તાજેતરમાં BSFના ડાયરેક્ટર જનરલ (DG) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી પંકજ કુમાર (B) શ્રી વિ.કે. શર્મા

(C) શ્રી કે.કે શર્મા (D) શ્રી ડિ.કે.આર્યા (A)

5. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે તેમના ગાંધીનગર લોકસભા મત ક્ષેત્રની સગર્ભા મહિલાઓ માટે કઈ યોજનાનો શુભારંભ કરાવ્યો છે ?

(A) લાડુ વિતરણ યોજના (B) માતૃ વંદના યોજના

(C) માતૃત્વ સહયોગ યોજના (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પોષણ 2.0 (POSHAN 2.0)

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે 1 સપ્ટેમ્બર, 2021થી શરૂ થતા સમગ્ર મહિનાને પોષણ માહ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે.

- આ ઉપરાંત પોષણ 2.0નું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું છે.
- તે આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે ઉજવવામાં આવશે.
- સમગ્ર મહિનાને એકંદર પોષણ સુધારવા તથા ઝડપી અને ઉંડાણપૂર્વક પહોંચ સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીત અને સંકલિત અભિગમ માટે સાપ્તાહિક થીમ્સ (વિષયો)માં વહેંચવામાં આવ્યા છે.
- મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહયોગથી આ મહિના માટે અનેક પ્રવૃત્તિઓનું આયોજન કર્યુ છે.

### સાપ્તાહિક થીમ

સપ્ટેમ્બર મહિનામાં પોષણ માહ ઉજવણી અંતર્ગતની સાપ્તાહિક થીમ અથવા વિષયો નીચે મુજબ છે :

- પ્રથમ સપ્તાહની થીમ : પોષણ વાટિકા
- બીજા સપ્તાહની થીમ : પોષણ માટે યોગ અને આયુષ
- ત્રીજા સપ્તાહની થીમ : ઉચ્ચ બોજવાળા જિલ્લાઓમાં આંગણવાડી લાભાર્થીઓને 'પ્રાદેશિક પોષણ કીટ'નું વિતરણ
- ચોથા સપ્તાહની થીમ : અત્યંત ગંભીર રીતે કુપોષિત બાળકોની ઓળખ અને પૈષ્ટિક આહારનું વિતરણ

### પોષણ 2.0

સરકારે પોષણ અભિયાનના ઉદ્દેશો પર ધ્યાન કેન્દ્રીત કરીને 2021-2022ના બજેટમાં પોષણ 2.0 કાર્યક્રમની જાહેરાત કરી હતી.

- તે એક સંકલિત બાળ વિકાસ સેવાઓ (ICDS)ને આવરી લેતી એક છત્ર યોજના છે. (આંગણવાડી સેવાઓ, પોષણ અભિયાન, કિશોરવયની છોકરીઓ માટેની યોજના તથા રાષ્ટ્રીય બાળ ગૃહ યોજનાને આવરી લે છે.)
- દેશમાં આરોગ્ય અને સુખાકારીની સાથે રોગ અને કુપોષણ સામે રોગપ્રતિકારક શક્તિ વિકસાવતા પોષણની પધ્ધતિ પર નવેસરથી ધ્યાન કેન્દ્રીત કરીને પોષણ સામગ્રી, ડિલિવરી, પહોંચ અને મજબૂત પરિણામોને હાંસલ કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.

નોંધ : (1) 8 માર્ચ, 2018ના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'પોષણ અભિયાન'ની શરૂઆત કરવામાં આવી હતી.

(2) પોષણ વાટિકાનો મુખ્ય ઉદ્દેશ ઓર્ગેનિકલી ઉગાડવામાં આવતા શાકભાજી અને ફળો દ્વારા પોષણની સપ્લાય સુનિશ્ચિત કરવાનો છે.

## લદ્દાખનું રાજ્ય પ્રાણી અને પક્ષી

- જમ્મુ અને કાશ્મીરથી અલગ કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે લદ્દાખની રચનાના બે વર્ષ બાદ લદ્દાખે રાજ્ય પ્રાણી તરીકે 'હિમ ચિત્તો' અને રાજ્ય પક્ષી તરીકે 'બ્લેક નેક્ડ ક્રેન' (કાળા ગાળાવાળુ સારસ) જાહેર કર્યુ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હિમ ચિત્તો

હિમ ચિત્તો (પેન્થેરા યુનિયા) મધ્ય અને દક્ષિણ એશિયાના પર્વતીય વિસ્તારોમાં રહે છે.

- ભારતમાં તે પશ્ચિમ હિમાલય (જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશ) અને પૂર્વીય હિમાલય (ઉત્તરાખંડ, સિક્કિમ અને અરૂણાચલ પ્રદેશ)માં જોવા મળે છે.
- તે ઓછી વૈશ્વિક વસતીને કારણે IUCNની રેડ લિસ્ટમાં સૂચિબદ્ધ છે.
- હિમ ચિત્તો સામાન્ય ચિત્તા જેવો જ દેખાય છે પરંતુ તે એકબીજા સાથે સંબંધિત નથી.
- બિલાડી પરીવારમાં તે એકમાત્ર પ્રજાતિ છે જે ગર્જના કરી શકતી નથી પરંતુ કિકિયારી કરી શકે છે.

## બ્લેક નેક્ડ ક્રેન

બ્લેક નેક્ડ ક્રેન (કાળા ગળાવાળુ સારસ)ને તિબેટીયન ક્રેન તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તેના માથા પર વિશિષ્ટ લાલ તાજ છે.
- તિબેટીયન ઉચ્ચપ્રદેશ, સિયુઆન (ચીન) અને પૂર્વ લદ્દાખમાં ઉંચાઈ ધરાવતી જળભૂમિ આ પ્રજાતિઓ માટેનું સવર્ધન મેદાન છે.
- આ પક્ષી શિયાળાની ઋતુમાં ઓછી ઉંચાઈ વાળા સ્થળો પર રહે છે.
- ભૂટાન અને અરૂણાચલ પ્રદેશમાં તે શિયાળા દરમિયાન જોવા મળે છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# બિગ બોસ વિજેતા શ્રી સિધ્ધાર્થ શુકલાનું નિધન

- પ્રસિધ્ધ ટીવી સ્ટાર અને બિગબોસ વિજેતા શ્રી સિધ્ધાર્થ શુક્લાનું હાર્ટએટેકના કારણે મુંબઈ ખાતે 40 વર્ષની વયે નિધન થયું છે.

## શ્રી સિધ્ધાર્થ શુકલા



શ્રી સિધ્ધાર્થ શુકલાનો જન્મ 12 ડિસેમ્બર, 1980ના રોજ મુંબઈ ખાતે થયો હતો.

- તેમણે વર્ષ 2008માં ટેલિવિઝન કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેમણે વર્ષ 2008માં સોની ટીવી પરનો ટેલિવિઝન શો 'બાબુલ કા આંગન છોટે ના'માં મુખ્ય ભૂમિકા સાથે અભિનયની શરૂઆત કરી હતી.
- કલર્સ ટીવી પરની 'બાલિકા વધુ' સિરિયલમાં પણ અભિનય કર્યો હતો.
- વર્ષ 2005માં તેમણે તુર્કીમાં યોજાયેલી વિશ્વની શ્રેષ્ઠ મોડેલ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને એશિયા લેટિન અમેરિકા અને યુરોપના 40 સ્પર્ધકોને હરાવી વિજેતા બન્યા હતા.
- તેમણે વર્ષ 2014માં 'હમ્પટી શર્મા કી દુલ્હનિયા'માં સહાયક ભૂમિકાથી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો.
- તેઓ બિગ બોસની સિઝન 13માં વિજેતા જાહેર થયા હતા.

1. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે કયા મહિનાને પોષણ માહ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે ?

(A) ઓગસ્ટ (B) સપ્ટેમ્બર (C) ઓક્ટોબર (D) નવેમ્બર **(B)**

2. તાજેતરમાં કયા મંત્રાલયે પોષણ 2.0નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) આરોગ્ય મંત્રાલય (B) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

(C) પ્રવાસન મંત્રાલય (D) ગૃહ મંત્રાલય **(B)**

3. કેન્દ્ર સરકારે પોષણ અભિયાનના ઉદ્દેશો પર ધ્યાન કેન્દ્રીત કરીને કયા બજેટમાં પોષણ 2.0 કાર્યક્રમની જાહેરાત કરી હતી ?

(A) 2021-22 (B) 2020-21 (C) 2019-20 (D) 2018-19 **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોષણ અભિયાનની શરૂઆત ક્યારે કરી હતી ?

(A) 8 માર્ચ, 2018 (B) 8 માર્ચ, 2016 (C) 8 માર્ચ, 2015 (D) 8 માર્ચ, 2014 **(A)**

5. લદ્દાખના રાજ્ય પ્રાણીનું નામ જણાવો ?

(A) હિમ વરૂ (B) હિમ કાળિયેર (C) હિમ હરણ (D) હિમ ચિત્તો **(D)**

6. લદ્દાખના રાજ્ય પક્ષીનું નામ જણાવો ?

(A) કોયલ (B) બ્લેક નેક્ડ ક્રેન

(C) ગ્રીન ઈન્પ્રિયલ કબુતર (D) વ્હાઈટ નેક્ડ ક્રેન **(B)**

7. તાજેતરમાં પ્રસિધ્ધ ટીવી સ્ટાર શ્રી સિધ્ધાર્થ શુકલાનું નિધન થયું છે. તેઓ બિગબોસની કઈ સિઝનમાં વિજેતા થયા હતા ?

(A) સિઝન– 13 (B) સિઝન– 14 (C) સિઝન– 15 (D) સિઝન– 16 **(A)**

## નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદ (FSDC)ની બેઠક

તાજેતરમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે 'નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદ' (Financial Stability and Devlopment Council - FSDC)ની 24મી બેઠકની અધ્યક્ષતા કરી હતી.

- આ પરિષદે સ્ટ્રેસ્ડ એસેટ્સના મેનેજમેન્ટ, નાણાકીય સ્થિરતા, નાણાકીય સ્થિરતા વિશ્લેષણ માટે સંસ્થાકીય તંત્રને મજબૂત કરવા, IBC (ઈન્વોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ) સંબંધિત મુદ્દાઓ, સરકારી અધિકારીના ડેટા શેરિંગ મિકેનિઝમ, ભારતીય રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ અને પેન્શન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

### FSDCની સ્થાપના

FSDCએ એક ઉચ્ચ સ્તરની સંસ્થા છે જે સુપર રેગ્યુલેટરી બોડી બનવા માટે ભારત સરકાર દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી.

- એટલે કે તે નાણા મંત્રાલય હેઠળ એક બિન–વૈધાનિક ઉચ્ચ સ્તરની સંસ્થા છે.
- વર્ષ 2010માં એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી.
- FSDCની સ્થાપનાનો પ્રસ્તાવ સૌપ્રથમ 'રઘુરામ રાજન સમિતિ (2008)' દ્વારા નાણાકીય ક્ષેત્રના સુધારા પર રજૂ કરવામાં આવ્યો હતો.

### માળખુ

FSDCની અધ્યક્ષતા નાણામંત્રી કરે છે.

- તેના અન્ય સભ્યોમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(1) ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર

(2) નાણા સચિવ/ આર્થિક બાબતોના વિભાગના સચિવ

(3) નાણાકીય સેવાઓ વિભાગના સચિવ

(4) કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવ

(5) ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ

(6) નાણા મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર

(7) SEBIના અધ્યક્ષ

(8) IRDAના અધ્યક્ષ

(9) PFRDAના અધ્યક્ષ

(10) Insolvency and Bankruptcy Bordના અધ્યક્ષ

(11) નાણા મંત્રાલયના અધિક સચિવ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) FSDC સબ કમિટીની અધ્યક્ષતા RBIના ગવર્નર કરે છે.

(2) જો જરૂરી હોય તો આ કાઉન્સિલ નિષ્ણાતોને તેની બેઠકોમાં પણ આમંત્રિત કરેછે.

### કાર્ય

નાણાકીય સ્થિરતા જાળવવા, આંતર–નિયમનકારી સમન્વય વધારવા અને નાણાકીય ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપવા માટે પ્રક્રિયાને મજબૂત અને સંસ્થાગત બનાવવી.

- અર્થતંત્રની વ્યાપક–વિવેકપૂર્ણ દેખરેખ રાખવી તથા તે મોટા નાણાકીય જૂથોની કામગીરીનું મુલ્યાંકન કરે છે.

## શ્રી મનીષ નરવાલ, શ્રી પ્રમોદ ભગત અને શ્રી કૃષ્ણા નાગરે ટોક્યો પેરાલિમ્પિક 2020માં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો

### શ્રી મનીષ નરવાલ



શ્રી મનીષ નરવાલે ટોક્યો પેરાલિમ્પિક 2020માં શૂટિંગમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

- શ્રી મનીષ નરવાલે મિક્સ P4- 50 મીટર પિસ્તોલ SH1 ઈવેન્ટમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો છે.
- શ્રી મનીષ નરવાલનો જન્મ 17 ઓક્ટોબર, 2001ના રોજ હરિયાણાના ફરીદાબાદ ખાતે થયો હતો.
- તેઓએ ફરિદાબાદ ખાતે થી શૂટિંગની કારકિર્દી શરૂ કરી હતી.
- વર્ષ 2020માં તેમને અર્જૂન એવોર્ડ એનાયત થયો હતો.

### શ્રી પ્રમોદ ભગત



શ્રી પ્રમોદ ભગતે ટોક્યો પેરાલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં મેન્સ સિંગલ્સ SL3 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

- તેમણે મેન્સ સિંગલ્સની ફાઈનલમાં બ્રિટનના શ્રી ડેનિયલ બેથલને 21-24, 21-17ના સ્કોરથી પરાજય આપ્યો હતો.
- શ્રી પ્રમોદ ભગતનો જન્મ 4 જૂન, 1988ના રોજ બિહારના વૈશાલી જિલ્લાના હાજીપુર ખાતે થયો હતો.
- આ અગાઉ તેમણે પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ચાર વખત ગોલ્ડ (2013, 2015 અને 2019માં બે), એક સિલ્વર (2015) અને એક બ્રોન્ઝ (2017) મેડલ જીત્યો છે.
- આ ઉપરાંત એશિયન પેરા–બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં એક ગોલ્ડ (2018 માં), અને બે બ્રોન્ઝ (2014, 2018) મેડલ પણ જીત્યા છે.
- વર્ષ 2019માં તેમને ‘અર્જૂન એવોર્ડ’ અને ‘બિજુ પટનાયક સ્પોર્ટસ એવોર્ડ ઓડિશા’ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### શ્રી કૃષ્ણા નાગર

શ્રી કૃષ્ણા નાગરે ટોક્યો પેરાલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

- તેમણે બેડમિન્ટનની SH6 ઈવેન્ટની ફાઈનલમાં હોંગકોંગના ચુ માન કેઈને 21-17, 16-21, 21-17 થી પરાજય આપીને આ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- શ્રી કૃષ્ણા નાગરનો જન્મ 12 જાન્યુઆરી, 1999ના રોજ રાજસ્થાનના જયપુર ખાતે થયો હતો.
- આ અગાઉ તેમણે વર્ષ 2019માં વિશ્વ ચેમ્પિયનશિપમાં એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો.
- આ ઉપરાંત વર્ષ 2018માં જકાર્તા ખાતે એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી સુહાસ યથિરાજે સિલ્વર અને શ્રી મનોજ સરકારે બ્રોન્ઝ મેડલ જીત્યો

### શ્રી સુહાસ યથિરાજ

શ્રી સુહાસ લલિનાકરે યથિરાજે ટોક્યો પેરાલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં સિલ્વર મેડલ જીત્યો છે.

- બેડમિન્ટનની મેન્સ સિંગલ્સ SL4 ઈવેન્ટમાં આ સિલ્વર મેડલ જીત્યો છે.
- નોંધનીય છે કે શ્રી સુહાસ યથિરાજ 2007ની બેચના IAS અધિકારી છે.
- શ્રી સુહાસ લલિનાકરે યથિરાજનો જન્મ 2 જુલાઈ, 1983ના રોજ કર્ણાટકના હસન ખાતે થયો હતો.
- તેઓ હાલમાં ઉત્તરપ્રદેશના ગૌતમ બુધ્ધનગર જિલ્લામાં IAS અધિકારી તરીકે સેવા આપે છે.
- આ અગાઉ તેમણે વર્ષ 2018માં જકાર્તા ખાતે આયોજિત એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી મનોજ સરકાર

શ્રી મનોજ સરકારે ટોક્યો પેરાલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

- શ્રી મનોજ સરકારે બેડમિન્ટનની SL3 ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- શ્રી મનોજ સરકારનો જન્મ 12 જાન્યુઆરી, 1990ના રોજ ઉત્તરાખંડના રૂદ્રપુર ખાતે થયો હતો.
- આ અગાઉ તેમણે વિશ્વ ચેમ્પિયનશિપમાં 3 ગોલ્ડ ( 2013, 2015 અને 2019), એક સિલ્વર (2017 )અને 3 બ્રોન્ઝ (2013, 2015, 2019) મેડલ જીત્યા હતા.
- આ ઉપરાંત તેઓ એશિયન પેરા ગેમ્સમાં એક સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ તથા એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં એક ગોલ્ડ તથા એક બ્રોન્ઝ મેડલ પણ જીતી ચૂક્યા છે.

1. તાજેતરમાં શ્રીમતી નિર્મલા સિતારામને 'નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદ' (FSDC)ની કેટલામી બેઠકની અધ્યક્ષતા કરી હતી ?

(A) 21 મી (B) 22 મી (C) 23 મી (D) 24 મી — (D)

2. 'નાણાકીય સ્થિરતા અને વિકાસ પરિષદ' (FSDC)ની બેઠકની અધ્યક્ષતા કોણ કરે છે ?

(A) નાણામંત્રી (B) RBI ગવર્નર
(C) નાણા સચિવ (D) મુખ્ય આર્થિક સલાહકાર — (A)

3. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી મનીષ નરવાલે કઈ રમતમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે ?

(A) શૂટિંગ (B) સ્વિમિંગ (C) બેડમિન્ટન (D) ટેનિસ — (A)

4. ટોક્યો પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ વિજેતા શ્રી મનીષ નરવાલ કયા રાજ્યના ખેલાડી છે ?

(A) ઉત્તરાખંડ (B) રાજસ્થાન (C) મહારાષ્ટ્ર (D) હરિયાણા — (D)

5. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી પ્રમોદ ભગતે કઈ રમતમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ?

(A) શૂટિંગ (B) બેડમિન્ટન (C) ટેબલ ટેનિસ (D) ડિસ્ક થ્રો — (B)

6. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી કૃષ્ણા નાગરે કઈ રમતમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ?

(A) શૂટિંગ (B) બેડમિન્ટન (C) ટેબલ ટેનિસ (D) ડિસ્ક થ્રો — (B)

7. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી સુહાસ યથિરાજે કઈ રમતમાં સિલ્વર મેડલ જીત્યો છે ?

(A) બેડમિન્ટન (B) શૂટિંગ (C) જેવેલિન થ્રો (D) હાઈ જમ્પ — (A)

8. ટોક્યો પેરાલિમ્પિક 2020માં શ્રી મનોજ સરકારે કઈ રમતમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે ?

(A) જેવેલિન થ્રો (B) ડિસ્ક થ્રો (C) બેડમિન્ટન (D) હાઈ જમ્પ — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER

## ગુજરાત

➤ **46મો ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી એવોર્ડ સમારોહ**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને સુરત ખાતે '46મો ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી એવોર્ડ' સમારોહ યોજાયો હતો. લે–મેરિડિયન હોટલ ખાતે યોજાયેલા આ એવોર્ડ વિતરણ સમારોહમાં શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સુરત સહિત મુંબઈ, દિલ્હી ઉપરાંત દેશના વિવિધ રાજ્યોમાં જેમ્સ એન્ડ જ્વેલરી વેપાર ક્ષેત્ર સાથે સંકળાયેલા 42 જેટલા ઉદ્યોગકારોને વિવિધ કેટેગરીના એવોર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કોરોના મહામારી દરમિયાન સમગ્ર વિશ્વ સ્તબ્ધ અને સ્થગિત હતુ ત્યારે જેમ્સ એન્ડ જ્વેલરીની ચમક ઓછી થઈ ન હતી. 2020-21ના વર્ષમાં 8.50 ટકાના ગ્રોથ સાથે 67 હજાર કરોડની જ્વેલરી એક્સપોર્ટ કરીને વિકાસના લક્ષ્યને સિધ્ધ કરવા માટે આ સેક્ટર મહત્વનું પાસુ બન્યું છે. આ પ્રસંગ નિમિત્તે મુખ્યમંત્રીશ્રીના હસ્તે જેમ્સ એન્ડ જ્વેલરીના સુવિનિયર પુસ્તકનું વિમોચન પણ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જેલના ઈતિહાસ અને વર્તમાન ગાથા-કેદી સુધારણા પ્રવૃતિઓ આલેખતા પુસ્તકનું વિમોચન કર્યુ.**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની જેલોના ઈતિહાસ અને વર્તમાનની રોમાંચક અને દુર્લભ ગાથા તેમજ કેદી સુધારણા પ્રવૃત્તિઓના આલેખન કરતા પુસ્તકનું ગાંધીનગરમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં વિમોચન કર્યુ હતું. રાજ્યની જેલોના વડા અધિક પોલીસ મહાનિર્દેશક ડો. કે.એલ.એન. રાવ દ્વારા આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ગુજરાતની વિવિધ જેલોની કેદી સુધારણા સહિતની અનેક પ્રવૃત્તિઓથી લોકોને પરિચિત કરવાનો સ્તુત્ય પ્રયાસ છે. કોરોના મહામારી દરમિયાન કેદીઓમાં કોરોના પ્રિવેન્શન, માસ્ક–સેનિટાઈઝરના સ્વયં ઉત્પાદનથી આત્મનિર્ભરતા, કોમ્યુનિકેશન નેટવર્ક અને કેદી સુધારણા પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ઠતા અંગેનો પ્રતિષ્ઠિત સ્કોચ એવોર્ડ દેશમાં એકમાત્ર ગુજરાતને મળ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સ્કોચ એવોર્ડ સર્ટીફિકેટ પણ આ અવસરે રાજ્યની જેલોના વડા અધિક પોલીસ મહાનિર્દેશક ડો. કે.એલ.એન. રાવને અર્પણ કર્યો હતો.

➤ **ગુજરાત વર્ષ 2022માં 12મો સંરક્ષણ એક્સ્પો (Expo) યોજશે**

ગુજરાત 2022માં આયોજિત સંરક્ષણ એક્સ્પોની 12મી આવૃત્તિનું આયોજન કરશે જે ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા બે વર્ષે યોજવામાં આવે છે. સંરક્ષણ મંત્રાલયના સંરક્ષણ ઉત્પાદન વિભાગ દ્વારા 10 થી 13મી માર્ચ 2022 સુધી ગાંધીનગરમાં એક્સ્પો (Expo) યોજાશે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની હાજરીમાં કેવડિયા ખાતે ગુજરાતમાં આ સંરક્ષણ એક્સ્પો 2022ના સુવ્યવસ્થિત આયોજન અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. નોંધનીય છે કે અગાઉના ડિફેન્સ એક્સ્પોમાં 70 દેશોની લગભગ 1000 કંપનીઓએ ભાગ લીધો હતો.

➤ **રશિયાના સખા-યાકુત્યા પ્રજાસત્તાક રાજ્ય અને ગુજરાત વચ્ચે 'ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ' હેઠળ વર્ચ્યુઅલ બેઠક**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ અંતર્ગત ગુજરાત અને રશિયાના સખા પ્રજાસત્તાક રાજ્ય વચ્ચે યોજાઈ રહેલી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં કેવડીયાથી વિડીયો કોન્ફરન્સના વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ કોન્ફરન્સ દરમિયાન સખા–યાકુત્યા પ્રજાસત્તાક રાજ્યના વડા શ્રીયુત એઝન નિકોલાઈ અને તેમના સહભાગીઓ સાથે વિવિધ ક્ષેત્રમાં સહભાગીદારી અંગે વિસ્તૃત પરામર્શ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સંદર્ભમાં ખાસ કરીને ડાયમન્ડ, સિરામિક્સ, ટીમ્બર અને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં સહયોગની ઉત્સુકતા દર્શાવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **ભારત-માલદીવે 'ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ' કરાર પર હસ્તાક્ષર કર્યા**

તાજેતરમાં ભારત અને માલદીવે 'ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ' (Greater Male Connectivity Project) કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર હેઠળ ભારત માલદીવમાં 'ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ' (GMCP) નામનો અત્યાર સુધીનો સૌથી મોટો ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ હાથ ધરશે. ભારત આ પ્રોજેક્ટ માટે 100 મિલિયન ડોલર અને 40 કરોડ રૂપિયાની ક્રેડિટ આપશે. આ કરાર ભારત–માલદીવ ભાગીદારીનું કાયમી પ્રતીક હશે. આ પ્રોજેક્ટ બિઝનેસ, લોકો અને ઉદ્યોગોને જોડવા માટે શરૂ કરવામાં આવશે. GMCPમાં 6.74 કિલોમીટર લાંબો પુલ અને કોઝવે લિંકનો સમાવેશ થશે. સપ્ટેમ્બર 2019માં ભારતના વિદેશમંત્રીની માલદીવના માલે ખાતેથી મુલાકાત દરમિયાન આ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

➤ **RBI ડિસેમ્બર સુધીમાં CBDCનો ટ્રાયલ પ્રોજેક્ટ શરૂ કરશે.**

ભારતીય રિઝર્વ બેંક (RBI)ના ગવર્નર શ્રી શક્તિકાંત દાસના જણાવ્યા અનુસાર RBI ડિસેમ્બર2021 સુધીમાં તેના ડિજિટલ ચલણનો ટ્રાયલ પ્રોગ્રામ શરૂ કરવા જઈ રહી છે. હાલમાં RBI તબક્કાવાર રીતે પોતાની 'સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી' (CBDC) લાવવા પર કામ કરી રહી છે. RBI CBDC પર સાવધાનીથી કામ કરી રહી છે કારણ કે તે RBI તેમજ સમગ્ર વિશ્વ માટે એક નવું ઉત્પાદન છે. RBI ડિજિટલ ચલણના વિવિધ પાસાઓનો અભ્યાસ કરી રહી છે અને તેની સુરક્ષા તેમજ દેશના નાણાકીય ક્ષેત્ર પર તેની અસરની તપાસ કરી રહી છે. તાજેતરમાં હાથ ધરાયેલા કેન્દ્રીય બેંકોના BIS સર્વે મુજબ 86% બેંકો હાલમાં CBDCsની ક્ષમતાની તપાસ કરી રહી છે.

➤ **ભારત સરકારે Bharat Series (BH-Series) નામનું નવું નોંધણી ચિન્હ રજૂ કર્યુ.**

ભારત સરકારે નવા વાહનો માટે Bharat Series (BH-Series)નામ હેઠળ એક નવું નોંધણી ચિહ્ન (Registration Mark) રજૂ કર્યુ છે. વાહનોના નિર્બાધ અથવા સીમલેસ ટ્રાન્સફરની સુવિધા માટે નવા રજિસ્ટ્રેશન માર્ક રજૂ કરવામાં આવ્યા હતા. વાહન નોંધણી માટે આ નાગરિક કેન્દ્રીત અને IT આધારિત સોલ્યુશન ગતિશીલતાની સુવિધા માટે શરૂ કરવામાં આવ્યું હતું. સરકારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓને સ્ટેશન ટ્રાન્સફરમાંથી પસાર થવું પડે છે. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં નોંધણી સ્થળાંતરીત કરવા માટે કર્મચારીઓને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ એટલા માટે છે કારણ કે મોટર વ્હીકલ એક્ટ, 1988ની કલમ 47માં જોગવાઈ કરવામાં આવી છે કે કોઈ વ્યક્તિ 12 મહિનાથી વધુ સમય સુધી વાહનને રાજ્યમાં રજીસ્ટર કરેલા રાજ્ય સિવાય રાખી શકે નહીં આ મુશ્કેલીને ધ્યાનમાં રાખીને નવી BH- Series રજૂ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારત અને જર્મનીએ એડનના અખાતમાં સંયુક્ત કવાયત હાથ ધરી.**

ભારત અને જર્મનીના નૌકાદળોએ 26 ઓગસ્ટ, 2021ના રોજ એડનના અખાતમાં (Gulf of Aden)માં સંયુક્ત કવાયત હાથ ધરી હતી. આ સંયુક્ત કવાયત અથવા અભ્યાસમાં હેલિકોપ્ટર લેન્ડિંગ સાથે શોધ અને જપ્તી કામગીરીનો સમાવેશ થાય છે. ભારતીય નૌકાદળના ફ્રિગેટ 'ત્રિકંદ'એ 'બેયન' નામના જર્મન ફ્રિગેટ સાથે કવાયત હાથ ધરી હતી. INS ત્રિકંદને એડનના અખાતમાં ચાંચિયા વિરોધી પેટ્રોલિંગ માટે તૈનાત કરવામાં આવ્યું છે. ભારત અને જર્મનીની નૌકાદળોએ વર્ષ 2008માં પ્રથમ વખત સંયુક્ત કવાયત હાથ ધરી હતી, જ્યારે બંને દેશોએ વર્ષ 2006માં ચાંચિયા વિરોધી સહયોગ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

➤ **દાર્જિલિંગ હિમાલયન રેલવે રૂટ પર ટોય-ટ્રેન સફારી શરૂ થઈ.**

નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે (NFR)એ દાર્જિલિંગ રેલવે રૂટ પર નિયમિત 'જંગલ ટી ટ્રોય ટ્રેન' (Jungle Tea Toy Train Safari) શરૂ કરી છે. ટોય ટ્રેન સફારી પશ્ચિમ બંગાળના સિલીગુડી જંકશનથી રોંગટોંગ સ્ટેશન સુધી ચાલશે. દાર્જિલિંગ હિમાલયન રેલવેમાં પ્રવાસીઓને આકર્ષવા અને પ્રવાસન વ્યવસાયમાં સુધારો કરવા માટે NFRનો આ બીજો પ્રયાસ છે. પશ્ચિમ બંગાળમાં ન્યૂ જલપાઈગુડી અને દાર્જિલિંગ વચ્ચે અગાઉ શરૂ થયેલી હેરિટેજ ટ્રોય ટ્રેન સેવાઓ ફરી શરૂ થઈ હતી. કોવિડ– 19 મહામારી વચ્ચે આ સેવા 17 મહિના માટે સ્થગિત કરવામાં આવી હતી. નોંધનીય છે કે દાર્જિલિંગ હિમાલયન રેલવે ટોય ટ્રેન યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે.

➤ **ભારત-અલ્જેરિયા નૌકાદળ કવાયત**

ભારત અને અલ્જેરિયાની નૌકાદળોએ 28 ઓગસ્ટ, 2021ના રોજ અલ્જેરિયાના દરિયા કિનારે પ્રથમ નૌકાદળ કવાયત હાથ ધરી હતી. આ કવાયત બંને દેશો વચ્ચે વધેલા સહકારને દર્શાવે છે. આ કવાયતમાં ભારતનું પ્રતિનિધિત્વ INS તાબર દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે અલ્જેરિયાનું પ્રતિનિધિત્વ તેમનું જહાજ ANS એઝેગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ નૌકાદળની કવાયતે બંને નૌકાદળો માટે પરસ્પર કામગીરીના ખ્યાલને સમજવા, આંતર–કાર્યક્ષમતા વધારવા અને સહકાર વધારવાની શક્યતાઓ ખોલી છે.

## વિશ્વ

➤ **ઈડા હરિકેન (Hurricane Ida)**

તાજેતરમાં 'ઈડા હરિકેન' (વાવાઝોડું) અમેરિકાના લુઈસિયાનામાં ત્રાટક્યું હતું. તે એક અત્યંત ખતરનાક 'કેટેગરી– 4' વાવાઝોડું છે અને યુ.એસ.એ.માં અત્યાર સુધી અનુભવેલા સૌથી શક્તિશાળી વાવાઝોડામાંથી એક છે. હરિકેન પૃથ્વી પર સૌથી શક્તિશાળી અને વિનાશક તોફાનો છે. હરિકેન ઈડાના કારણે દક્ષિણ પૂર્વ લ્યુઈસિયાનામાં આવેલી મિસિસિપી નદીનો પ્રવાહ ઉલટો થયો હતો. સામાન્ય રીતે મિસિસિપી નદી ઉત્તરથી દક્ષિણ તરફ વહે છે. પરંતુ આ વાવાઝોડાને કારણે નદી વિરુધ્ધ દિશામાં વહેતી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **શ્રીલંકાએ ફૂડ ઈમરજન્સી જાહેર કરી**

શ્રીલંકાએ 31 ઓગસ્ટ, 2021ના રોજ ખોરાકની અછતના કારણે 'ફૂડ ઈમરજન્સી' જાહેર કરી હતી. શ્રીલંકાની ખાનગી બેંકો પાસે વિદેશી હૂંડિયામણ સમાપ્ત થઈ ગયુ છે, જેના કારણે તેઓ આયાત ચૂકવવામાં અસમર્થ છે. શ્રીલંકા હાલમાં મુશ્કેલ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે કટોકટી બાદ રાષ્ટ્રપતિ શ્રી ગોટાબાયા રાજપક્ષે ખાંડ, ચોખા અને અન્ય જરૂરી ખાદ્ય ચીજોના સંગ્રાહખોરી સામે લડવા માટે કટોકટીના નિયમોનો આદેશ આપ્યો હતો. ખાંડ, ચોખા, ડુંગળી અને બટાકાની કિંમતોમાં તીવ્ર વધારો થયા બાદ આ પગલું લેવામાં આવ્યું હતું. કોવિડ– 19 મહામારીના કારણે વર્ષ 2020માં શ્રીલંકાનું અર્થતંત્ર 3.6% ઘટ્યું હતું.

➤ **વેક્સિન વૈજ્ઞાનિક સુશ્રી ડો. ફિરદોસી કાદરીએ રેમન મેગ્સેસે 2021એવોર્ડ જીત્યો**

તાજેતરમાં બાંગ્લાદેશના વૈજ્ઞાનિક ડો. ફિરદોસી કાદરીએ રેમન મેગ્સેસે એવોર્ડ જીત્યો છે. સુશ્રી ફિરદોસી કાદરી 'ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ડાયેરિયલ ડિસીઝ રિસર્ચ બાંગ્લાદેશ'માં એક અમેરિટિસ વૈજ્ઞાનિક છે. તેઓ 2020 લોરિયલ–યુનેસ્કો ફોર વુમન ઈન સાયન્સ એવોર્ડના વિજેતા પણ છે. રેમન મેગ્સેસે એવોર્ડ એશિયાનું સર્વોચ્ચ સન્માન છે. તેની સ્થાપના વર્ષ 1957માં કરવામાં આવી હતી. તથા આ એવોર્ડને એશિયામાં નોબેલ પુરસ્કારની સમકક્ષ ગણવામાં આવે છે. આ એવોર્ડ એવા લોકોને આપવામાં આવે છે. જેમણે ગરીબી નાબુદી અને એશિયામાં સમાજના વિકાસમાં અસાધારણ યોગદાન આપ્યું છે. સુશ્રી ફિરદોસી કાદરી ઉપરાંત વર્ષ 2021નો રેમન મેગ્સેસે એવોર્ડ શ્રી મોહમ્મદ અજમદ સાકિબ (પાકિસ્તાન) અને શ્રી સ્ટીવન મુનસીને આપવામાં આવ્યો છે.

## ICE ? Questions

➢ તાજેતરમાં સુરત ખાતે કેટલામો 'ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી એવોર્ડ સમારોહ યોજાયો હતો ? – **46** મો

➢ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જેલના ઈતિહાસ અને વર્તમાનની ગાથા–કેદી સુધારણા પ્રવૃત્તિઓ આલેખતા પુસ્તકનું વિમોચન કર્યુ હતું. આ પુસ્તક કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે ? – ડો. કે.એલ.એન. રાવ

➢ ભારતે કયા દેશ સાથેના 'ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ' કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – માલદિવ

➢ **RBI**એ કયાં સુધીનો તેના ડિજિટલ ચલણનો ટ્રાયલ પ્રોગ્રામ શરૂ કરવા જઈ રહી છે ? – ડિસેમ્બર, **2021**

➢ ભારત સરકારે કયા નામનું વાહનો માટે નવું નોંધણી ચિન્હ રજૂ કર્યુ છે ? – **BH- Series**

➢ ભારત અને જર્મનીની નૌસેનાએ કયા અખાતમાં લશ્કરી કવાયત હાથ ધરી હતી ? – એડન

➢ નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે **(NFR)**એ ________ રેલવે રૂટ પર નિયમિત 'જંગલ ટી ટ્રોય ટ્રેન' શરૂ કરી છે. – દાર્જિલિંગ

➢ તાજેતરમાં અમેરિકાના લુઈસિયાનામાં કયું વાવાઝોડું ત્રાટકયું હતું ? – ઈડા હરિકેન

➢ કયું રાજ્ય વર્ષ **2022**માં **12**મો સરંક્ષણ એક્સ્પો **(Expo)**નું આયોજન કરશે ? – ગુજરાત

➢ તાજેતરમાં ભારતના કયા પડોશી દેશે ફૂડ ઈમરજન્સી જાહેર કરી છે ? – શ્રીલંકા

➢ તાજેતરમાં અલ્જેરિયાના દરિયા કિનારે ભારત–અલ્જેરિયાની નૌકાદળોએ કવાયત હાથ ધરી હતી. જેમાં ભારતના કયા જહાજે પ્રતિનિધિત્વ કર્યુ હતું ? – **INS** તાબર

➢ તાજેતરમાં ડો. ફિરદોસી કાદરીએ રેમન મેગ્સેસે એવોર્ડ જીત્યો છે. તે કયા દેશના વતની છે ? – બાંગ્લાદેશ

➢ તાજેતરમાં ________ દેશના સખા યાકુત્યા પ્રજાસત્તાક રાજ્ય અને ગુજરાત વચ્ચે 'ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ' હેઠળ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી. – રશિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. 'Accelerating India : 7 Years of Modi Government' નામના પુસ્તકના લેખક/સંપાદક કોણ છે ? – શ્રી કે.જે. આલ્ફોન્સ

(ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી કે.જે. આલ્ફોન્સે 'એક્સિલરેટિંગ ઈન્ડિયા : મોદી સરકારના 7 વર્ષ' નામનું પુસ્તક બહાર પાડ્યું છે. તેમણે તાજેતરમાં જ પોતાનું પુસ્તક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અર્પણ કર્યુ હતું. 27 પ્રખ્યાત લેખકોએ ભારતીય શાસનના 25 ક્ષેત્રો પર આ પુસ્તકમાં 25 નિબંધો આપ્યા છે.)

2. મહિલા ઉદ્યોગસાહસિકતા પ્લેટફોર્મ (WEP) કઈ સંસ્થાની પહેલ છે ? – નીતિ આયોગ
3. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – ન્યાયાધીશ શ્રી વીનિત કોઠારી
4. તાજેતરમાં કયા અભિનેતાને દિલ્હી સરકારના 'દેશ કે મેન્ટર્સ' પ્રોગ્રામના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કર્યા છે ? – શ્રી સોનુ સુદ
5. તાજેતરમાં શ્રી રામનાથ કોવિંદે ઉત્તરપ્રદેશના કયા સ્થળે ઉત્તર પ્રદેશની પ્રથમ 'આયુષ યુનિવર્સિટી'નો શિલાયન્સ કર્યો છે ? – ગોરખપુર જિલ્લાના પીપરી–તારકુળા ગામમાં
6. તાજેતરમાં ભારત સરકારે ________ નામની ક્વોન્ટમ કમ્પ્યૂટર સિમ્યુલેટર ટૂલકિટ શરૂ કરી છે. – QSiM
7. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કનુમિંગ ઘોષણા' કયા દેશ સાથે સંકળાયેલ છે ? – ચીન
8. તાજેતરમાં કયા દેશે ચુકાદો આપ્યો છે કે '996'ની ઓવરટાઈમ પ્રથા ગેરકાયદેસર છે ? – ચીન

(ચીનની સુપ્રીમ પીપલ્સ કોર્ટે તાજેતરમાં જાહેર કર્યુ છે કે '996'ની ઓવરટાઈમ સવારે 9 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધી અઠવાડિયામાં 6 દિવસ કામ કરવું એ ગેરકાયદેસર છે.)

9. બ્રિક્સ રાષ્ટ્રોએ તાજેતરમાં કયા સંઘ દ્વારા પ્રસ્તાવિત કાર્બન સીલિંગ ટેક્સનો વિરોધ કર્યો છે ?– યુરોપિયન યુનિયન
10. ભારતના નેતૃત્વમાં કયુ વર્ષ 'આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ' તરીકે ઉજવવામાં આવશે ? – 2023
11. તાજેતરમાં કયા મંત્રાલયે 'Y-Break App' લોન્ચ કરી છે ? – આયુષ મંત્રાલય
12. 'AREAS' કયા કેન્દ્રીય મંત્રાલયની પહેલ છે ? – નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય
13. તાજેતરમાં શ્રી લા ગણેશને કયા રાજ્યના 17 માં રાજ્યપાલ તરીકે શપથ લીધા છે ? – મણિપુર
14. નાબાર્ડની પહેલ 'My Pad My Right' પ્રોજેક્ટ તાજેતરમાં કયા રાજ્યમાં શરૂ કરવામાં આવ્યો હતો ?– ત્રિપુરા
15. 'મેરા વતન મેરા ચમન' કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા આયોજિત કાર્યક્રમ છે ? – લઘુમતિ બાબતોનું મંત્રાલય
16. 'રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના' કયા રાજ્યની મુખ્ય પહેલ છે ? – છત્તીસગઢ
17. શ્રી શાંતિલાલ જૈનને કઈ જાહેર ક્ષેત્રની બેંકના MD અને CEO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – ઈન્ડિયન બેંક
18. કઈ સંસ્થા 'Quarterly House Price Index' (HPI) બહાર પાડે છે ? – ભારતીય રિઝર્વ બેંક
19. તાજેતરમાં સમાચારોમાં રહેલ સુપરટેક ટ્વીન ટાવર કેસ કયા રાજ્ય સાથે સંબંધિત છે ? – ઉત્તરપ્રદેશ
20. ભારતીય કુસ્તીને મોટા પાયે પ્રોત્સાહન આપાવા માટે કઈ રાજ્ય સરકારે વર્ષ 2032 સુધીમાં કુસ્તીની રમતને અપનાવવાનો નિર્ણય કર્યો છે ? – ઉત્તરપ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

21. લોકગીતો માટે જાણીતા ઢેલીબેન વિસાણાની સ્મૃતિમાં કયા સ્થળે મ્યુઝિયમ બની રહ્યું છે ? – બગવદર
22. રાજ્યસભાના મહાસચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – ડો. રામાચાર્યુલુ
23. કયા દેશમાં 'ZAPAD 2021' નામની બહુરાષ્ટ્રીય લશ્કરી કવાયત યોજાઈ રહી છે ? – રશિયા
(ભારતીય સેના 3 થી 16 સપ્ટેમ્બર દરમિયાન રશિયાના નિઝનીમા બહુરાષ્ટ્રીય કવાયત ZAPAD 2021માં ભાગ લઈ રહી છે. આતંકવાદ વિરોધી સહયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી આ કવાયતનું આયોજન કરવામાં આવી રહ્યું છે.)
24. કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ (CBDT)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી જે.બી મહાપાત્ર
25. સ્ટાર્ટ–અપ ક્ષેત્રને વેગ આપવા માટે કયા રાજ્યએ જાહેર–ખાનગી ભાગીદારી 'ઈનોવેશન મિશન' શરૂ કર્યુ છે ? – પંજાબ
26. તાજેતરમાં કયા રાજ્યની કેન્દ્રીય બેંકોએ 'સેન્ટ્રલ ડિજિટલ કરન્સી' (CBDC) યોજના શરૂ કરી છે ? – ઓસ્ટ્રેલિયા, મલેશિયા, સિંગાપોર અને દ.આફ્રિકા
27. બ્રિક્સ દેશોના સમૂહ દ્વારા સ્થાપિત ન્યૂ ડેવલપમેન્ટ બેંકે (NDB) કયા દેશોને નવા સભ્યો તરીકે ઉમેર્યા છે ? – સંયુક્ત આરબ અમીરાત, ઉરૂગ્વે અને બાંગ્લાદેશ
28. 2 સપ્ટેમ્બર, 2021ના રોજ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ ________ રેલવે સ્ટેશનને 5 સ્ટાર 'ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણપત્ર આપ્યું છે. – ચંદિગઢ
29. લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલાએ કયા કેન્દ્રશાસિત પ્રદેશની પંચાયતી રાજ સંસ્થાના સશક્તિકરણ માટે 'સંસદીય આઉટરીચ પ્રોગ્રામ'નું ઉદ્દઘાટન કર્યુ હતું ? – લદ્દાખ
30. કયા દેશે તાજેતરમાં ભવિષ્યના મંગળ મિશન માટે પ્રોટોટાઈપનું નાનું હેલિકોપ્ટર વિકસાવ્યું છે ? – ચીન
31. પત્રકાર કલ્યાણ યોજનાની હાલની માર્ગદર્શિકા (દિશા–નિર્દેશો)ની સમીક્ષા કરવા માટે રચાયેલી સમિતિના અધ્યક્ષ કોણ છે ? – શ્રી અશોક ટંડન
(સરકારે પત્રકાર કલ્યાણ યોજના (JWS)ની હાલની માર્ગદર્શિકાની સમીક્ષા કરવા માટે 12 સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. જેના અધ્યક્ષ શ્રી અશોક ટંડન છે.)
32. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 3 સપ્ટેમ્બર, 2021ના રોજ 'EEF'ના સત્રને સંબોધ્યું હતું. EEFનું પૂરું નામ જણાવો ? –ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ
33. પ્લાસ્ટિક કરાર શરૂ કરનાર __________ એશિયાનો પ્રથમ દેશ બન્યો છે. – ભારત
34. ________ કંપનીને પ્રતિષ્ઠિત 'ડન એન્ડ બ્રેડસ્ટ્રીટ–કોર્પોરેટ એવોર્ડ 2021' થી શ્રેષ્ઠ વિકાસ પ્રદર્શન–શક્તિની શ્રેણીમાં સન્માનિત કરવામાં આવી છે. – SJVN
(આ પુરસ્કાર વર્ચ્યુઅલ માધ્યમથી આપવામાં આવ્યો છે. જેનુ શિર્ષક હતું 'ભારતની ટોપ 500 કંપની 2021', SJVN પાસે હાલમાં 10,000 મેગાવોટ 31 પ્રોજેક્ટ્સનો મજબૂત પોર્ટફોલિયો છે.)
35. ટાઈમ્સ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2022 અનુસાર વિશ્વની ટોચની 300 યુનિવર્સિટીમાં ભારતની કેટલી યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – એકપણ નહીં
(ટાઈમ્સ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2022ની જાહેરાત થઈ છે. જેમાં ત્રણ ભારતીય શિક્ષણ સંસ્થાઓએ વિશ્વભરની ટોચની 400 યુનિવર્સિટીઓની યાદીમાં સ્થાન મેળવ્યું છે. જો કે વિશ્વની ટોચની 300 યુનિવર્સિટીમાં ભારતની એકપણ યુનિવર્સિટીનો સમાવેશ થયો નથી. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ બેંગ્લોર સતત ત્રીજા વર્ષે 301-305ના રેન્કિંગમાં સ્થાન જાળવી રાખ્યું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**

joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT